
# તર્પણ




## -શ્રી યોગેશ્વરજી

NOTICE

સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

☼ ☼ ☼ ☼ ☼


# <u>શ્રી યોગેશ્વરજી</u>

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."

# અમર સંદેશ



શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર

જીવન એક ફૂલ.

એને ફોરમવંતુ કરીએ. બીજાને ફોરમ ધરીએ.

જીવન એક સરિતા.

એને સલિલવંતી કરીએ, બીજાને સલિલ ધરીએ.

જીવન જ્યોતિ.

એને જ્યોતિર્મય કરીને બીજાને જ્યોતિ ધરીએ.

જીવન એક યાત્રા, વિરાટ યાત્રા.

એના યાત્રી બનીને બીજાને યાત્રી કરીએ.

- યોગેશ્વરના આશિષ

# તર્પણ વિશે

ચોથી ઓક્ટોબર ૧૯૮૦.

ભાવનગર.

ત્યાં તે દિવસે મારાં પરમ પૂજ્ય માતાજી જ્યોતિર્મયીનો સ્વર્ગવાસ થયો.

લગભગ પોણા બે મહિનાની અશક્તિ પછી.

એ વખતે એમને આશરે ૭૮ વરસ થયેલાં.

શૈશવ અને કૌમાર્યનાં એમને યાદ રહેલાં કેટલાંક સંસ્મરણો પરથી અને મારા જન્મ જેવી કેટલીક વાસ્તવિકતાઓ પરથી એમની ઉંમરનું અનુમાન કરેલું. એ અનુમાન વાસ્તવિકતાથી વેગળું નહોતું.

હા, તો ૭૮ વરસે એમણે પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો.

એ ઘટના આનંદપ્રદ તો નહોતી જ. ના જ હોય.

બત્રીસ વરસ જેટલા સુદીર્ઘ સમય સુધી એ અહર્નિશ મારી સાથે રહેલાં.

મારી જીવનસાધનાનાં સાક્ષી બનેલાં.

બે વાર મારી સાથે પરદેશ પણ પધારેલાં.

મને થયું કે એમનું અવિનાશી અક્ષરદેહમાં તર્પણ કરું. એ ૭૮ વરસ રહ્યાં તો ઓછાંમાં ઓછાં ૭૮ કાવ્યો લખું એમને અંજલિરૂપે. વધારે લખાય તો હરકત નહિ.

'તર્પણ' કાવ્યસંગ્રહ એનું જ પરિણામ છે. માતાને અપાયેલી શબ્દાંજલિ - ભાવાંજલિ.

એવો વિચાર પણ કેટલો અનોખો છે.

વિશેષ તો તર્પણ પોતે જ કહેશે.

ગુજરાતના મૂર્ધન્ય વિદ્વાન સાક્ષરવર્ય શ્રી રમણલાલ જોશીએ આ પુસ્તકને પોતાની રીતે આવકાર્યું છે તે માટે તેમને અભિનંદન ઘટે છે,

- યોગેશ્વર

# <u>આવકાર</u>

શ્રી યોગેશ્વરજીએ ગુજરાતીમાં ઘણાં પુસ્તકો લખ્યાં છે. ધાર્મિક ગ્રંથો ઉપરાંત એમની વિસ્તૃત આત્મકથા અને અન્ય આધ્યાત્મિક લખાણોમાં એક પ્રકારની સાહિત્યિક સુષમાનો પરિચય થાય છે. વર્ષો પહેલાં ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહીના સમીક્ષા-કાર્ય વખતે એમનું 'શ્રેય અને સાધના' પુસ્તક વાંચવાનું બન્યું. એક સંનિષ્ઠ શ્રેયાર્થીની સાધનાનો ચિતાર આપતું આ પુસ્તક એ સરલ અને પ્રાસાદિક શૈલીથી રોચક નીવડે છે. પછી તો પ્રત્યક્ષ મળવાનું પણ બન્યું. એમનાં સદગત માતૃશ્રી પ્રત્યે તેમને અપાર ભક્તિ, એ ભક્તિને વાચા આપતાં સુંદર પદ્યો તેમણે રચ્યાં છે. માતાએ ૭૮ વર્ષે દેહત્યાગ કર્યો તો અંજલિરૂપે ઓછામાં ઓછા ૭૮ કાવ્યો રચવાની તેમને ભાવના થઇ. આ સંગ્રહમાં ૮૧ કાવ્યો આપ્યા છે. માતા સાથેના પ્રસંગોને તેમણે સરલ સુંદર અભિવ્યક્તિ આપી છે.

સ્મશાનેથી અગ્નિદાહ પછી પાછા ફરતાં તેમને કેવી લાગણી થાય છે? બા ને વળાવીને પાછા ફર્યા એટલું જ નહિ, પણ વાસ્તવિક રીતે તો, અમે અમને વળાવીને પાછા ફર્યા એવું લાગે છે! લાગણીની અભિવ્યક્તિ સચોટ અને ભાવવાહી છે.

એક રીતે આ કાવ્યો આત્મકથનાત્મક જ છે, પણ એના રચયિતા આધ્યાત્મિક પુરૂષ હોઇ તત્વજ્ઞાન પણ ભૂમિકા રૂપે આવે છે. પરંતુ ખાસ આસ્વાદ્ય તો છે એક પુત્રનો માતા પ્રત્યેનો

અવર્ણનીય પ્રેમ. આજકાલ સ્ત્રીપુરૂષના પ્રેમસંબધની અનેક કૃતિઓ રચાય છે ત્યારે કાંઇક ઓછા લખાતા વિષય પર આટલી રચનાઓ શ્રી યોગેશ્વરજીએ આપી એ માતૃપ્રેમ દ્રઢાવવામાં વાચકોને પ્રેરક નીવડશે. આ સંગ્રહ એક પ્રેમાળ પુત્રે કરેલું પોતાની દિવંગત માતાનું સાહિત્યિક તર્પણ છે. 'તર્પણ'માં શ્રી યોગેશ્વરજીએ મનભરીને વાત્સલ્યરસ વહાવ્યો છે. ભાવની સચ્ચાઈ, પ્રસંગોની તાદૃશતા અને અભિવ્યક્તિની સરળતા આ પ્રેમોદગારોને રોચક અને પ્રેરક બનાવે છે. શ્રદ્ધા છે કે વાચકો આ સંગ્રહમાંથી કશુંક પ્રેરક-દ્યોતક પામશે.

-રમણલાલ જોશી
૪ નવેમ્બર ૧૯૮૨, અમદાવાદ.



<u>અનુક્રમ</u>




અમર મૃત્યુ
ભાવના
વિદાય વેળાએ
સંપુટ સરખા
શ્રાદ્ધ
ક્ષમા
શુચિ શ્રાદ્ધ
ટૂંકા પ્રવાસમાં
ચેતના
કૃપા
આકાંક્ષા
વંદન
મોહ ને ભય
સર્વેશ્વરીની સેવા
સ્મૃતિ
સંસૃતિચક્ર
યાત્રા
માતા
અંતકાળે
પ્રત્યક્ષ દેવ
ધન્ય જીવન
વિદ્યાલય
માનાઈ
જગન્માતા
જ્યોતિર્મયીને
યોગીથી અધિક
ભાગ્ય
સ્મરણ
સૌને જવાનું નિશ્ચિત
સતત સંનિધિ
તમારો ત્યાગ
જીવનમંદિર
વિજ્ઞપ્તિ
અનિત્યતા
જવાનું ચોક્કસ
યાત્રાની માહિતી
લાગણી
નકામો
અમર જીવન
જિંદગી મળી

સંબોધનો
વિરલ માતા
બંધન મુક્તિ
સાર્થક
અન્ય કાજે જિંદગી
વારસો
માતૃદેવો ભવ
કાચનું ઘર
પ્રેમસ્વરૂપ
બાળલાગણી
ક્યાં ગયાં
માત અંકમાં
તમે
અમૃતનો પથ
સ્થિતપ્રજ્ઞતા
ઉપસ્થિતિ
હુતાશની
માતાનો મહિમા
પ્રતીતિ
માતૃસેવા
વિરલ જીવન
યુગની અસર
અનંતતા
કાળચક્ર
ગંગા
કેટકેટલા જીવો
મંદિર
માધુર્યતણી સૃષ્ટિ
કોઇ કોઇનું નથી
ઉંમર
ગ્રામમાતા
તમે બન્યાં
સ્મશાનેથી ગૃહે
સમાગમ
રહ્યો હું તે
સ્વર્ગ અને અસ્વર્ગ
સલામી
તૈયાર
સંવત્સરી
સંદેશ

## અમર મૃત્યુ

વિશ્વે ચતુર્દિશ ચિતા પ્રજળી રહેલી
વિદ્વેષની વિષમતા વિપરીતતાની
વાર્ધક્ય-વ્યાધિ-વિષ-મૃત્યુ-અશાંતિ કેરી,
તેમાં તમે અમૃતસિંચનકાજ આવ્યાં

જીવ્યાં તમિસ્ત્રથરમાં નવતેજ લાવ્યાં;
દાઝ્યાં નહીં, અવરને નવ દાઝવાયે
દીધાં; ચિતા હૃદયની શમવી બધીયે
અંતે થયા પરમશાંતિ થકી વિદાય.

રાખી ભલે તન ચિતા પર ત્યાં તમારું
જ્વાળા કરી પ્રગટ તીવ્રપણે સ્મશાને,
કેમે શકો નવ જલી કદિયે તમે તો,
જ્વાળા શકી નવ જરી તમને જલાવી.

ડૂબી ગયાં પરમજ્યોતિમહીં પ્રસન્ના
અંતે બન્યાં અમર મંગલ મૃત્યુ મારી.

## ભાવના

પધારીને પૃથ્વીપટ પર તમે સંકટ સહ્યાં
વિપત્તિઓ વેઠી પ્રતિપદ વિરોધો પણ સહ્યાં;
કદી અશ્રુ સાર્યાં, ભય અનુભવ્યો, દુર્દીન વ્યથા
તથા ચિંતા માણી, વિરહ નીરખ્યાં આપ્તજનના

પધારીને પૃથ્વી પર પ્રણયથી તોપણ તમે
ક્ષમાથી કારુણ્યે પરમશુચિતાથી સુખ વડે
સુખી કીધાં કૈંને, રસમય કર્યાં ચેતન ધર્યાં,
તમિસ્ત્રે આત્માનાં કિરણ, વિષમાં અમૃત ભર્યાં.

પધારીને પૃથ્વીપટ પર તમે જ્યોતિ જગવી
અનાસક્તિ કેરી અમૃતપદની સ્વાર્પણતણી,
ન ભૂલ્યાં કોદીયે નિજ વતનને, લિપ્ત ન થયાં,
જવાનું આવ્યું તો સરળ હૃદયે સત્વર ગયાં.

તમે જ્યાં હો ત્યાંથી પ્રતિદિન શુભાશિષ વરસો,
અમીદ્રષ્ટિ ઢાળો, જગત જગવો, દિવ્ય સ્પરશો.

## વિદાય વેળાએ

લીધી વિદાય અંતે સ્વજનોતણી તમે,
લીલા બધી વિલોકી સાક્ષી બની અમે.


ના શોક ના શિકાયત સંતાપ સ્વલ્પયે ના
જોવા મળ્યો તમારા મુખમંડલે ઉરે ના.
સંપૂર્ણ મોહમાર્જન અધ્યાત્મનું ઉપાર્જન
પામ્યાં પરમ કરીને બંધનતણું વિસર્જન.

સર્જન કર્યું નવું શું આનંદમય અલૌકિક,
શાશ્વત સુવાસ પ્રગટી પાછી અનંત વૈદિક.
વર્ષી શુભાશિષોને શાશ્વત સમાધિ લીધી
કલ્યાણપંથ કેડી રમતાં જ શીઘ્ર ચીંધી.

મસ્તક તમારા ચરણે સાદર ભલે નમે,
દીક્ષા વિદાય કેરી પામી શક્યાં અમે.

## સંપુટસરખા


સુરસરિની શુચિતા,
ગિરિમાળાની ગંભીરતા,
ફૂલોની ફોરમ, મધની મધુતા,
ધરિત્રીની તિતિક્ષા, સમુદ્રની સહિષ્ણુતા,
લહરીની લલિતતા,
વ્યોમની વ્યાપકતા,
ચંદનની સૌરભ, શીતળતા,
ચંદ્રિકાની ચારુતા,
કમળની કમનીયતા, કર્દમરહિતતા,
સંગીતની તાલબધ્ધતા,
વર્ષાનું સંજીવન,
દીપિકાની તેજોમયતા.



સૌના સંપુટસરખાં, સમન્વયશાં તમે
વારંવારં તમોને વંદન કરીએ અમે.

## શ્રાદ્ધ

આઠ વરસે પિતાજી ચાલ્યા ગયાં
તે પછી પૂરાં પચાસ વરસ સુધી
તમે પૃથ્વી પર રહ્યાં માતાતણાં
પાઠને ભજવી વિવિધ સંકટ સહી.
અભાવો વચ્ચે ટકાવી ભાવને
સુધા બનતાં સોમલે જીવનમહીં.



આઠ વરસે પિતાજી ચાલ્યા ગયા
તે પછી ઇતિહાસ સરજાઇ ગયો
અવનવો અધ્યાત્મનો સંસારનો
તમે તેનાં મૂક ને સક્રિયશાં
બન્યાં સાક્ષી, ધન્ય જીવનને કરી
પ્રેરણાઓ ભગ્ન અંતરને ધરી.

શ્રાદ્ધ શ્રદ્ધાયુક્ત જીવનથી કર્યું
અમે એનું એટલે ગૌરવ ગણ્યું.

## ક્ષમા

જ્ઞાનઅજ્ઞાને કદી વચનો કહ્યાં
કટુક તમને કે અયોગ્ય જરાય હો
હોય હો વ્યવહાર ના કોદી કર્યો
દુભાયું દિલ હો જરી મારા થકી
સહ્ન કરવું હો પડયું, એકાદયે
અશ્રુ માટે બન્યો કયાંય નિમિત્ત કે
શુશ્રૂષામાં કર્યો દોષ પ્રમાદ મેં,
જિંદગીની જટિલ યાત્રાને સરળ
સફળ ઉજ્જ્વળ સ્વાદુ કરવામાં જરા
ત્રુટિ રહી હો ક્ષમા તો કરજો સકળ.

તાપમાં છાયા સદા તમને ધરી
સ્વર્ગથી સૃષ્ટિ સુખદ સઘળે કરી,
શ્વાસ અંતિમ તમે લીધો ત્યાં સુધી
શાંતિ આપી અવિદ્યા સઘળી હરી;
તોય માનવ ભૂલ હો કયાંયે થઈ
જણાયે તો ક્ષમા સત્વર દો દઈ.

મેંય તમને ક્ષમા કૈં સમયે કરી
પ્રયાણ કર્યું એટલે પુલક્તિ બની.

## શુચિ શ્રાદ્ધ

તમે મીંચી લીધાં નયન કરુણાથી સભર બે,
અમે ભૂલ્યાં એનો પ્રણય નવ ના ભાવ હજુયે;
કર્યા લોકાચારો સકળ, સમયે શ્રાદ્ધવિધિને
કરી શ્રદ્ધા સાથે વિવિધ તપ ને દાન કરિયાં.

ગયાં તીર્થોમાં ને વિધિ સફળતાપૂર્વક કરી
નહાયેલાં સર્વે સરિતજલમાં તોપણ અમે
વહાવ્યાં અસ્થિને મધુર મુખને મંગલ સ્મરી,
ધરિત્રી સારીયે સુખદ સ્પરશે પાવન બની.

તમે શ્રદ્ધાભક્તિસહ પરમ આદર્શ હૃદયે
સદા રાખી જીવ્યાં વિષમસમ વાતાવરણમાં
રહી ચંદ્રિકાશાં વિમલ પર સૌથી ગગનમાં
વળી રેલ્યાં રશ્મિ રસમય સદા શાંતિ ધરતાં,
તમે જીવી જાણ્યું; સ્મરણ નિત આદર્શનું કરી
અમેયે જીવીએ પરમ શુચિ એ શ્રાદ્ધ જ ગણું.

## ટૂંકા પ્રવાસમાં

સૌનેય છે અંતે અલગ થવાનું,
વૃક્ષોતણી ઘટામાં સૌન્દર્યની છટામાં
કૂજે વિહંગ ક્રીડે ને ક્રૌંચ વાયુ ગાયે
બેસી પરબ પરે ત્યાં પાછા પથે જવાનું.


અશ્વત્થની સમીપે શાશ્વત સમય સુધી ના
કોઇ શક્યું વગાડી વીણા નદીતટે આ;
ઘંટારવો પૂજારી સાહિત્ય ને પૂજાનું
દીપકશિખા બધુંયે સ્મૃતિના ઉરે સમાયું.
મંદિર રહ્યું ન એવું આરાધના ન એવી
છે કાળદેવતાએ ક્રીડા કરેલ કેવી?

સૌનેય છે જવાનું અંતે અલગ થવાનું
ના કિન્તુ પ્રેમને કો સ્વાહા કરી જવાનું,
ટૂંકા પ્રવાસમાં જે સાથી મળે, મળીયે
તે સર્વને હૃદયથી, ભાવે ભળી જવાનું.

## ચેતના

તીર્થોમાં ફરી વળીને જ્યોતિ જોઇ જે
સરિતાસાગરે સ્ત્રોતે વૃક્ષવિટપે
સૂર્યચંદ્રતારકમાં ઈન્દ્રધનુષમાં
વરસાદી વાદળે કે વર્ષાધારામાં,

પુષ્પમાં વનસ્થલીમાં ઉદ્યાનમહીં
ચેતનાને અનુભવી ચમકી રહી;
રેણુમહીં રસ્તાની વસંતનાં ગ્રીષ્મે
પર્વતોનાં શૃંગો સાથે સંધાયેલી જે



માનવની પાંપણમાં રહી પ્રસરી
સૌંદર્ય કુરૂપતામાં મૂર્ત ને બની,
મંદિરમાં મુગ્ધ થઈ માનાઈ વળી
જેના વિના પરમાણુ રિક્ત કો નહીં;


ચેતના તે મૂર્ત બની તમારા રૂપે
તમે સૌનાં આદિ છો ને જનની શુભે!

## કૃપા

તમારી આ કેવી અનુપમ કૃપા માત જગની!
તમોને ના જાણે જગત ન સ્તવે પૂજન કરે
નહીં, ના આરાધે તદપિ વહવી પ્રેમરસને
જગે જન્મો જીવો સફળ કરતાં કર્મ નિયમો,
પ્રસૂનો પીડાથી વ્યથિત જનના મારગમહીં
પ્રસારો, એ કેવી અનહદ કૃપા દિવ્ય કરુણા!

જગે જીવી ચીંધો પરમસુખ સાફલ્યપથને
મટાડો પીડાને પુનિત સઘળું મંગલ કરો;
તમોને સંતાપે અબુધજન નીંદે પણ તમે
પુરસ્કારો પ્રેમે વિપદ હરતાં જીવન ધરો.
સુખે સંકેલી લો મનુજતનલીલા પણ મરો
નહીં કો'દિ; કેવી અનુપમ કૃપા દિવ્ય કરુણા!

## આકાંક્ષા



હોત કર્મ તમે ન કોઇયે કર્યું
ઐતિહાસિક નોંધપાત્ર ભલે અહીં
જન્મ પામીને નિમિત્ત જ માત્ર જો
બન્યાં હોત મને જગે જન્માવવા,
હોત તો કલ્યાણકાર્ય મહા કર્યું
યશસ્વી જીવન સફળ સઘળું થયું
ધન્ય સાર્થ શરીરધારણ હોત જો
એટલું કલ્યાણકાર્ય તમે કર્યું.

પુનઃ પ્રકટો જો કદી પૃથ્વી પરે
હો પુનઃ મારે પ્રકટવાનું વળી
જનેતા તમને પસંદ કરું ફરી
તમોને ગૌરવ ધરું માતૃત્વનું,
એ જ આકાંક્ષા પ્રકટવું ગોદમાં
હોય તો તમને જ લ્હાવ રહું ધરી.

## વંદન

ઝૂંપડીમાં તમે જન્મ્યાં મહાલયમહીં રહ્યાં
મઢૂલીમાં વળી કો'દિ વસ્યાં રાજમહેલમાં
મઢૂલીશાં રહ્યાં તોયે મોકળા મનનાં સદા.

ભણ્યાં વિદ્યાલયે અલ્પ, વિદ્યાલયમહીં છતાં
ભણેલાંને તમે અર્પ્યું માર્ગદર્શન નિર્મળ.
અનુભૂતિતણું દૈવી તમારામાં હતું બળ.

વિપત્તિમાં થયાં મોટાં સંપદાવિપદામહીં
શ્વાસ લીધા સદા માટે વિરોધાભાસથી ભર્યા,
દૈવી સંપત્તિની તોયે રહી લેશ નહીં મણા.

સુખ ને દુઃખની વચ્ચે ભાવ તેમ અભાવમાં,
વિજને વસ્તીમધ્યે વિદેશે દેશમાં રહ્યાં
પ્રજ્ઞાના પથથી કિન્તુ સ્વપ્ને પણ ચલિત ના થયાં.

હસ્યાં તેમ રડ્યાં કોદી છાયાતાપ નિહાળતાં,
કટુતા ક્લેશથી મુક્ત જીવ્યાં નિર્લિપ્ત જીવન;
સ્થિતપ્રજ્ઞતણાં જોયાં અમે ઉત્તમ લક્ષણ;
વંદતાં સર્વને, સર્વે કરે છે આજ વંદન.

## મોહ ને ભય

મને જીવનનો મોહ નથી, મરણનો ભય.
જે વખતે જે થવાનું હશે
થશે.
ભલે થતું.
હું ઠેકાણે છું,
મારા ભગવાનની પાસે છું.
મને નિરાંત છે.
એ હતા તમારા ઉદગારો.
તમારા વિના કોના મુખમાંથી નીકળી શકે

સંબંધીએ પૂછયું કાંઈ કહેવું છે,
તમે કહ્યું ના.
મને નિરાંત છે. શાંતિ છે,
ભગવાનને ના ભૂલશો.
ભજજો.

તમે શાંતિ સાથે વિદાય લીધી
સંતોષ સાથે વિદાય
તમને નહીં, જીવનને તમારો મોહ હતો
મરણને મરણ મટી જવાનો ભય.
એ રહી ગયો.

## સર્વેશ્વરીની સેવા

પેટની દીકરીયે ના સેવા આવી કરી શકે.
ઊભાં બંને રહે મારે માટે રોજ ખડે પગે
રાત ને દિન કંટાળો જરાયે એમને નથી
નથી થાક નથી ખ્યાલ લેશ વિશ્રાંતિનો વળી,
પોકારું સ્વલ્પ ત્યાં આવે દોડી શીઘ્રાતિઘ્ર ને
ઝબકી નીંદથી જાગે જગાડું ત્યાં સપ્રેમ એ.

તમારી શુશ્રૂષા પામી પામ્યાં સંતોષ માત એ,
તમે તપ ગણી તેને માની જપ સદા રહ્યાં
પ્રસન્ન સ્વસ્થ ને શાંત માનીતાં એમનાં બન્યાં,
વચનો એમણે ત્યારે એવાં સંતૃપ્તિનાં કહ્યાં,
શુભાશીર્વાદયે અર્પ્યા આલિંગી તમને વળી,
અમારાં લોચનોમાંથી અશ્રુ ત્યારે રહ્યાં સરી.

સર્વેશ્વરી, તમે સેવા કરી જ્યોતિર્મયીતણી
શકવર્તી ખરે એનો ઇતિહાસ ગયો બની.

## સ્મૃતિ

ચાર માસ પહેલા તો તમે જીવન જીવતાં
હતાં સ્વસ્થ પ્રસન્ના ને પલાળી નિજ પ્રીતમાં
રહેલાં સર્વને માતા બની સ્નેહાળ સર્વનાં
ત્રણ માસ પહેલાં ને સમાધિસ્થ થઈ ગયાં.


કાળચક્ર ત્વરાથી જે ચાલે છેક પુરાતન
વરસોની કરી દે તે કથા સત્ય સનાતન.
કથાકાર નવા આવે રહી જાય છતાં કથા,
પલટાય ભલે પાત્રો પલટાય નહીં વ્યથા.

વીતે દિવસ ને વીતે મહિના વરસો વળી
છતાંયે ચંદ્રિકાકેરી ચારુતા ના ઘટે જરી
તમારી સ્મૃતિયે એવી રીતે નિત્ય નવી રહી
વધશે કાળની સાથે કરમાશે કદી નહીં.

અજરામર એમાંથી પામીને પ્રાણ પ્રેરણા
લોહને પલટી દેશે વિના કિલ્મિષ હેમમાં.

## સંસૃતિચક્ર

એકલો આવે મનુજ સંસારમાં,
અભિનયો કરતાં સમાપ્ત અનેકધા
એકલો અંતે વિદાય થઈ જતો
સ્વજન સ્નેહી સર્વને છોડી અહીં,
કોણ જાણે કયાં જતો વસતો વળી
માહિતી ગતિની ન કોઈને મળી.



એકલો આવે મનુજ સંસારમાં
એકલો જાયે કહેવાયે છતાં
યથાર્થ નથી દીસતાં વચનો મને
શરીર એનું એકલું આવે છતાં
કર્મસંસ્કારો-વિચારો-ભાવના
અંકુરો અંતઃકરણમાં આવતા
આપતાં સુખદુઃખ સદા વધતા જતા
વળી ઘટતા; ચાલતી ઘટમાળ આ
એમ સંસૃતિચક્રની શાશ્વત અહા.
સાથ એનો અંતકાળે એ કરે,
એકલો ના પ્રવાસી કોઈ મળે.

જેમના સંસ્કાર શામ્યા વાસના
થઈ શાંત સ્વરૂપમાં સ્થિત તે બને

તમારી પેઠે તરંગ વિલીન આ
થાય જેમ પ્રશાંત સાગરના ઉરે.

## યાત્રા

આ જિંદગી પુનિત મંગલ એક યાત્રા
ના વેઠ ક્લેશ નવ બોજ ઉપાધિ કોઇ
ના કષ્ટકારક ક્રિયા અભિશાપ ભારે
છે કિન્તુ દિવ્ય વિભુનું વરદાન વિશ્વે.

છે પંથની પરબ પાંથતણો વિસામો
મીઠો પડાવ પરદેશતણી દિશાનો.
કેડી સુનિશ્ચિત મહા શુચિ સાધનાની,
વિશ્વંભરે વિહરવા વરણી કરેલી
કલ્યાણકુંજ કવિતા મધુ પૂર્ણતાની.

સેવી સદા સુભગ એમ વિચારધારા
જીવ્યાં તમે નિત પ્રસન્ન અલિપ્ત ન્યારાં,
દ્વંદ્વો થકી નવ ડર્યાં ન ડગ્યાં જરાયે
ચાલ્યાં ગયાં સફળ યાત્રિકશાં સવારે.

સંદેશ શાશ્વત ધર્યો નિજ શાંત માતા,
આ જિંદગી પરમમંગલ પુણ્યગાથા.

## માતા

શબ્દોમહીં મધુર મંગલ શબ્દ માતા
સૌથી વિશેષ સુખકારક શબ્દકોશે,
સૌથી પવિત્ર વધુ શાંતિભરેલ નાનો
મોટો છતાંય મહિમામય શબ્દ 'મા'નો.


આરંભ શૈશવતણો શુચિ થાય ત્યારે
જોવાય મા પ્રથમ એ જ બની વિધાત્રી
પોષે પ્રસન્ન શિશુને નિજ પ્રાણપ્યારે,
પુષ્પો ઉગે પ્રથમ કોમળ એ જ ક્યારે.

સૌ યોનિમાં પરમ માનવ યોનિ માની,
એમાં વિશેષ મહિમાન્વિત યોનિ 'મા'ની;
નીર્મે સદા પુરૂષને મધુ શ્રેષ્ઠ માતા,
વંદે પવિત્ર પદને સુર ને વિધાતા.

મંત્રોમહીં પરમમંગલ મંત્ર માતા,
અર્પે સમુન્નતિ સનાતન શક્તિ જ્ઞાતા;
રૂપો અનેક ધરતા વિભુ કિન્તુ અંતે
રૂપે કૃતાર્થ બનતાં રસપૂર્ણ 'મા'ના.

## અંતકાળે

કથા અંતે તમે અનુભવની કથીઃ
જગતમાં કોઈય કોઈનું નથી,
એક ઈશ્વરના વિના.
પામતા સુખશાંતિ સંતૃપ્તિ નકી
બનાવે છે તેમને જે સારથિ.



કથા અંતે સ્વાનુભવ કેરી કહીઃ
શરણ ઇશ્વરનું જ સાર્થક્તા ધરે
વાસનાથી મુક્ત માનવને કરે,
શ્રેય સાધે સફળ બનતાં જિંદગી
જે કરે રસલ્હાણ પ્રભુની પ્રીતની.

એકલો આવે જગતમાં જીવ આ
કિન્તુ વિસ્મરતાં વિમુક્ત સ્વરૂપને
મમત્વ કરે રાગદ્રેષ કષાયથી
બધ્ધ બનતાં વિપદમાં જાયે પડી.
સ્વરૂપે સ્થિત થાય શ્રેયસ્કર સદા
પ્રાપ્ત થાય અવર્ણનીય ખરે પ્રભા;
વાત એ કલ્યાણની ના ભૂલવી,
અંતકાળે કથા અનુભવની કથી.

## પ્રત્યક્ષ દેવ

પ્રત્યક્ષ દેવ પૃથિવી પર કોણ ? સૂર્ય ?
ના. ચંદ્ર ? ના. અનિલ, અગ્નિ, વિશાળ વ્યોમ ?
પૃથ્વી ? નહીં. સરિતા-સાગર-વૃક્ષ-વેલી?
ના. વૃષ્ટિ? વૃષ્ટિય નહીં. સહુ તત્વ દૈવી
પ્રત્યક્ષ એ પરમદેવતણાં પ્રતીક.
પ્રત્યક્ષ કિન્તુ મહિમામય દેવદેવ
છે માનવી; મનુજમાં મધુમૂર્તિ માતા.

દેવોતણા શુચિ સમુચ્ચયશી પ્રતાપી
મા દેવની પ્રભુતણી જનની વિધાત્રી;
જેનું પવિત્ર પયપાન કરે ત્રણે એ.

જે મૂત્ર ને મળ ધુએ શિશુના સપ્રેમ,
દુઃખી થતાં શિશુ રડે અતિ થાય દુઃખી,
ઇચ્છે સદાય સુખ શાંતિ સમૃદ્ધિ એની
સન્માન દે સુત કરે અપમાન તોયે.

પ્રાર્થે બધાં સુખ ધરો સહુને પરંતુ
એ પ્રાર્થતી સુખ ધરો શિશુને, લઇ લો
ને શાંતિ કે સુખ મહારું જરૂર હો તો
બંધાય મુક્ત કરવા શિશુ મુક્ત માતા.

## ધન્ય જીવન


દેહધારણથી દૈવી જનતા લાભ પામતી
જીવ્યાથી જેમના પામે સુખ ને શાંતિ માનવી,
છાયા સંતપ્તને અર્પે, તેજ રેલે તમિસ્ત્રમાં,
પિપાસુને ધરે પાણી મીઠી પરબ જે બની;

આધાર અન્યને માટે બની શ્રેષ્ઠ સનાતન
સર્જે નરકમાં સ્વર્ગ, જંગલે ઘોર મંગલ.
ભૂલેચૂકે બગાડે ના કોઇનું સ્વપ્નમાંય ને
સુધારે બગડેલાને પ્રાણ દે મૃતપ્રાયને;

આશીર્વાદસમા એવા આત્માઓ વરદાનશા
વિભુના, એમનાં સ્પર્શે પૃથ્વી પાવન થાય આ.
જવાથી જેહના પામે પીડા કે શોક માનવી
રડે મૃત બને એવી જિંદગી ધન્ય જાણવી.

તમે એમ જ જીવીને તિરોધાન ગયાં બની
સાફલ્ય જન્મનું સાધ્યું મૃત્યુને ધન્યતા ધરી.


# વિદ્યાલય



વિશ્વવિદ્યાલય પ્રવેશ કરી અહીં
તમે ડિગ્રી મેળવી કોઇ નહીં;
અલ્પ ભણતર ભણ્યા કૌમાર્યે તમે
પૂછતાં કો'દી કહેતાં તો તમે
ચાહવા ભણવાં છતાં ભણવાતણી
વધારે અનુકૂળતા મળતી નહીં;
રહેતાં સ્વજનો ન આવશ્યક જરી
કુમારીને કારકિર્દી સ્કૂલની.

વિશ્વવિદ્યાલયતણી ડિગ્રી તમે
મેળવી ના નામમાત્ર ભણ્યાં ભલે,
અલ્પ ભણતર કિન્તુ ગણતરથી વધ્યાં
સદા આગળ અનેરું ચણતર કર્યું,
વિશ્વવિદ્યાલયમહીં બ્રહ્માંડના
ભણી જીવન મહાવિદ્યાલય ગણ્યું.

## માનાઈ

કેવી તમારી શુચિ આત્મભાવના
સંશુદ્ધિ સાર્વત્રિક શ્રેયકામના
પવિત્રતા માનવતા ઉદાત્તતા
નિર્માનતા સ્વાશ્રયવૃતિ ને દયા.
નિર્મોહ કેવો અણિશુદ્ધ પ્રેમ,
વિદ્વેષમાંયે નિતનવ્ય નેમ.

તમે થયાં લોહ ન લોહસંગે
કરી દીધાં કંચન કૈંક લોહનાં
રહી સદા પારસ, દિવ્ય હેમ.

વિરોધ આઘાતમહીંય સેવ્યું
સુખેદુઃખે વ્યાધિ છતાંય સ્થૈર્ય,
પ્રલોભનોથી ન ડગ્યાં જરાયે
અખંડ ધારી અણમોલ ધૈર્ય
ધપ્યાં અનાસક્ત રહી અસંગ
વિદાય લીધી કટુતા વિના ને.
મમત્વ ના દ્વેષ નહીં ન વાસના
સંમોહ ના સ્વલ્પ રહી શક્યો ઉરે,
વેરી તમારાં બનતાંય આજે
સાક્ષી વહાવી કદી અશ્રુને પૂરે.

ના ગંગ કે ના જગદંબ માનું
દેવીય ના દિવ્ય ભલે પ્રમાણું
માનું તમોને જનની જ માનવી.
માનાઈ લાગે મુજને અનોખી
વિશિષ્ટતા તોપણ તે તમારી.
એની પ્રકાશે સ્મૃતિ જિંદગીમાં
દે પ્રેરણા નિત્યનવીન સર્વને.

## જગન્માતા

માતા થઇ શિશુતણી જગમાં અનેક
સંતાન માત ગણતાં નિજ જેમને ને
સંભાળતાં સુખ પ્રદાન કરી રહેતાં
સાભાર સાદર ભજી અતિપૂજ્યભાવે
સન્માનતાં નિત કરી રસસાથ સેવા.
માતા થઇ, હજુ  થતી જગમાં અનેક
જે મૃત્યુ બાદ પણ યાદ કરાય નિત્ય
શ્રદ્ધા થકી જગવતાં અણમોલ પ્રીત.

વ્યક્તિત્વ અદભૂત તમારું ખરે નિરાળું,
માતૃત્વ સુંદર ઉદાત્ત અતીવ ન્યારું.
માતા બન્યાં ઉભયને અમ જન્મ આપી
માતા થઇ પણ ગયા મમતાળુ સૌનાં
કાલાંતરે ગુણ થકી, સહુ માત નામે
બોલાવતા અનુભવી કૃતકૃત્યતાને

માતા બની શિશુતણી જગમાં અનેક,
માતા થઇ જગતની પણ કો'ક એક.

## જયોતિર્મયીને

નામ જયાતિર્મયી ન્યારું તમારું રળિયામણું
રસાન્વિત સદા માટે ગૂઢ સંદર્ભથી ભર્યું
પ્રેરણાસ્પદ; પામીને તમે પ્રેમળ જ્યોતિને
પ્રભુની પ્રભુમાં જીવ્યા ધારણા પ્રભુની કરી,
જ્યોતિ જીવનમાં ન્યારી જગાવી અંધકારને
અવિદ્યાજન્ય આત્માના હણ્યા પામી પ્રકાશને;
અસંખ્ય માનવો કેરા અંધકાર વળી ટળ્યા
તમારાથી; તમે કેવી પાથરી સઘળે પ્રભા !

જ્યોતિર્મયી, તમે જ્યોતિ હતાં સંસારની મહા,
વિલીન દિવ્ય છો આજે પરા જ્યોતિમહીં થયાં
શક્તિશાળી વધારે ને વધારે તે છતાં બન્યાં;
જ્યોતિને પ્રકટાવી દો જ્યાં હો ત્યાંથી પુનઃ પરા
જેના પ્રભાવથી જૂના મટે અંધાર આત્મના
તપ્ત સંત્રસ્ત પ્રાણીને સાંપડે શીઘ્ર સાંત્વના.

## યોગીથી અધિક

યોગી અસંગ બનવા પરમાત્મ લીન
એકાંત શાંત સ્થળમાં દિવસો વિરાજે
જ્યાં વાયુ લહર ના જ શકે પ્રવેશી
એવા પ્રશાંત સ્થળની સ્થિર જ્યોતિ જેમ
હાલ્યા વિના વિષયની લહરીથકી કે
પાર્થિવ વસ્તુ રસ વૃતિ વિકારથીયે.

યોગીથકી અધિક આત્મશક્તિ તમે બતાવી
ઝાંખી નિજાત્મબળની અદકી કરાવી;
એકાંતમાં સતત શોરબકોરમાં ને
દેશે વિદેશ વિચર્યા કટુ તેમ મીઠા
સંજોગમાં પણ અલિપ્ત રહી સદાયે,
સૌમાં રહી નિત રહ્યાં પરમાત્મ સાથે.

## ભાગ્ય

નિસર્ગના ખોળે ખેલેલાં ધારી જન્મ તમે
એવી માતા મેળવવાનું પામ્યા ભાગ્ય અમે.
ગૌરવ છે અમને એ માટે; ફૂડકપટ શોષણ
અનાચાર અન્યાય કર્યા ના; પામીને પોષણ
જર્જર શાંત મઢૂલીમાંથી બન્યા સર્વને વંદ્ય
તમને મેળવવાનું પામ્યા અમે ભાગ્ય બલવંત.

જીવન સાદું, શુદ્ધ વિચારો, વિશદ તમારી વાણી,
નિર્ભયતા સ્વાશ્રય અપરિગ્રહ સહજ સરળતા ભારી;
પ્રેમ ટેક નિઃસ્વાર્થ તમારી ઉપકારકતા ન્યારી,
પીવાનું મૂકીને પાતાં અન્યજનોને પાણી.
છાયા ધરતાં તાપ સહીને, અશ્રુ લુછતાં રોઈ,
ઘા રૂઝવતાં જખમી દિલનાં સુખ પોતાનું ખોઇ;
શાંત સ્વમાની પવિત્ર પ્રભુમય જીવનને જીવનારાં
જ્યાં પણ વિચર્યાં વસ્યાં ત્યાં બન્યાં સર્વ જનોના પ્યારાં.
બગાડ્યું નહીં કોઇનુંયે, બગાડવા ના માંગ્યું,
સદા સુધાર્યું અન્ય જનોનું બગડ્યું નિજ છો લાગ્યું.

નાના ગામે જન્મ ધરીને જગનાં થયાં તમે
એવી માતા મેળવવાનું પામ્યા ભાગ્ય અમે.

## સ્મરણ

વીતતા દિવસો વીતે મહિના, કાળચક્ર આ
અબાધિતપણે ચાલે વાયુથી વધુ વેગથી,
દિવસે દિવસે થાયે બળવત્તર સંસ્મૃતિ
તમારી પ્રેરણાદાત્રી દિવ્ય આનંદકારિણી.

જ્યોતિર્મયી તમારી એ જિંદગી જ્યોતિથી ભરી
જગવે જ્યોતિને નિત્ય સંજીવનીમયી નવી;
તમિસ્ત્રથરને ટાળે ઉજાળે અંતરાત્મને,
ચિરકાળ સુધી એની પ્રભા લેશ નહીં શમે.

નવા છંદે ગીતે અભિનવ રસે અંજલિ ધરી
તમોને આરાધ્યાં રગરગમહીં આદર ભરી;
અનોખો આવ્યો આ અવસર ભલેને મરણનો,
તમે જે જીવ્યાં તે વિષય નવ છે વિસ્મરણનો.

## સૌને જવાનું નિશ્ચિત

સૌને જવાનું નિશ્ચિત પણ એકના ગમનથી
ગમગીન થાય અંતર વેદન અખૂટ વેઠે
લોચન દ્રવે હ્રદયને સ્મૃતિ એહની વલોવે
પીડા અસહ્ય પામે આતમ  અશાંત પેઠે;
ને અન્યના જવાથી સંવેદના ન જાગે
જાણે કશું ગયું ના ખોવાયું એમ લાગે.
કોઇકના ગમનથી રાહત મળે હ્રદયને
આનંદ થાય સહેજે શોકિતસમા સદનને.

સૌને જવાનું નિશ્ચિત પણ એકના જવાથી
જીવન ગયેલ લાગે ને અન્યના ગમનથી
જીવન ફરીથી જાગે વાગે સુખદ સિતારી.
સૌનું જવાનું નિશ્ચિત પણ એકના જવાથી
મંદિર બને, સ્મશાને બીજાનું ના સુહાયે;
સૌનું પ્રયાણ ચોક્કસ પણ એ પ્રયાણ કેવી
રીતે કરાય છે એ ઇતિહાસ પળ અનેરી
નોંધાય એક માટે પ્રેરક બની રહેતી,
નોંધાય અન્યની ના શાશ્વત કથા કહેતી.

## સતત સંનિધિ

તમે ચાલ્યાં ગયાં એ વાત આવે માનવામાં ના.
હજી તો એમ લાગે કે ગયાં યાત્રામહીં મોટી
થયાં કોઇક કારણથી પથમહીં ક્યાંક પણ ખોટી;
તમારો પત્ર તાર કશુંક પણ મળશે, ટપાલીને
નિહાળીને કદી તો એમ લાગે આજકાલ હવે.
તમે પાછાં નહીં આવો ગયાં શાશ્વત સમય માટે
તમે ચાલ્યાં ગયાં અત્યુક્તિ જેવી વાત એ લાગે.

નયન સામે સ્મશાનચિતા સળગતી, ભસ્મ કાય થઇ
અમે ઉભા રહેલા ત્યાં સુધી, સ્મૃતિ વ્યથાપૂર્ણ થતી;
લઇને અસ્થિ ઘેર ફર્યા વિસર્જન અસ્થિનું કરવા
પ્રવાસ પછી અને યોજ્યો ભરીને અશ્રુને ઉરમાં.
છતાં ચાલ્યાં ગયાં છોડી બધાંને એમ લાગે ના,
શ્રવણમંગલ પહેલાં જેમ સુંદર બીન વાગે ના,
સમીપે રહીને જોઇ રહ્યાં એવાં પ્રશાંત બની
જલી કાયા છતાંયે તમારો આવેલ અંત નહીં.

તમે ચાલ્યાં ગયાં એ વાત માનવામાં આવે ના,
સતત સંનિધિ તમારી દિવ્ય દ્રષ્ટિ વાણ મધઝરતી
અમર છે રહેશે સંવેદનતણી સ્નેહની ધારા,
નથી સ્વપ્નેય ભંગાતા વણસતા મમતના માળા.

## તમારો ત્યાગ

તમે છોડી સર્વે વિષય જગનાં જંગલ રહ્યાં;
યુવાનીમાં છોડી ગૃહસ્વજનસંપત્તિ સુખદા
તજી પર્યંકોને પ્રતિદિવસ પૃથ્વી પર સૂતાં;
સહ્યાં કષ્ટો સ્નેહે હિમગિરિતણાં તીર્થસ્થળમાં;
ઘણાં સર્પોરીંછો પશુ વિવિધ ને વ્યાઘ્ર વચમાં
વિપત્તિને વેઠી; મન વશ કરી ઈન્દ્રિયતણાં
તમે નાથ્યા અશ્વો અનવરત ડૂબ્યાં રસમહીં;
મને દીસે બીજું પુનિત ખલું દ્રષ્ટાંત જ નહીં.

તજે આત્મા માટે મનુજ સુખ સંપત્તિપદને,
અરણ્યે એકાંતે તપરત બને ઇશચરણે,
સમર્પે સામગ્રી સકળ જગની ધ્યાન ધરવા;
તમે કિન્તુ છોડ્યું સકળ મુજ માટે વનમહીં
રહેવાને સાથે પરમસુખના શ્વાસ ધરતાં;
તમારો તો દૈવી અતુલ અદકો ત્યાગ જગમાં.

## જીવનમંદિર

મને થયું કે એક તમારું મંદિર ભવ્ય બનાવું.

સંગેમરમરના મંગલ એ મંદિરમહીં તમારી
મૂર્તિ મનહર સ્થાપું અદકું આકર્ષણ પ્રકટાવું
ધૂપદીપનૈવેદ્ય આરતિ પુષ્પમાળથી પૂજન
કરું કરાવું, વીણાવાદન સિતારનું સ્વરગુંજન
પ્રશસ્તિસ્તોત્રસ્વરોને સુખમય સદા સપ્રેમ સુણાવું;
સ્વર્ણશિખરથી મહિમા એનો ચારે તરફ પ્રસારું.

મને થયું કે એક તમારું મંદિર ભવ્ય બનાવું.
માનવમહેરામણ ત્યાં ઉમટે કરે પ્રશસ્તિ ભારી;
યાવચ્ચંદ્રદિવાકરૌ રહે ઉજ્જવળ કીર્તિ જેની,
એવા મંદિરની રચના ના દીસે અશક્ય જેવી.

મને થયું કે એક તમારું મંદિર રમ્ય રચાવું
એના કરતાં જીવનમંદિર મારું દિવ્ય બનાવું.

# વિજ્ઞપ્તિ

કેટકેટલી હતી તમોને પરહિતખાતર ઈચ્છા,
શ્વાસ તમે લીધા એનાથી પ્રેરાઇ પૃથ્વી આ.


કેટકેટલા તપ્ત જનોને ઢાળી શીતળ છાયા
તમે સ્વર્ગસુખમાં ન્હવરાવ્યા નીરસ સૂકા ક્યારા
કેટકેટલાં સુધાસિંચને વળી બનાવ્યા ન્યારા
પરિમલથી પરિપ્લાવિત કીધાં પુષ્પ કેટલાં પ્યારાં.

કેટકેટલી હતી તમોને પરસુખખાતર ઇચ્છા,
કર્મો કર્યા તમે એનાથી પ્રેરાઇ પૃથ્વી આ
અશાંત બદ્ધ ને મુક્ત શાંત કે આત્મતૃપ્ત વળી કરવા
તત્પર બન્યાં સદાય સોમલે સ્વાદુ સુધારસ ભરવા
પ્રકાશ પામે તિમિરાચ્છાદિત પ્રાણ જડત્વ ભરેલા
સ્વપ્ન તમે સેવ્યાં એનાથી પ્રેરાઇ વિશ્વે આ.

કેટકેટલાં મુક્તિ માંગે કરે શાંતિની આશા
સુખને ચહે છાયા ઝંખે પ્રકાશ માટે માયા
બન્યા અસીમ અનંત તમે તો કરો અલ્પ પણ એવું
સફળ મનોરથ બને બધાં હો જગત જીવવાં જેવું.

## અનિત્યતા

ચાર મહિના મૃત્યુને આજે થયા
તમારા તે ચાર યુગ જેવા ગયા,
સ્મૃતિ તમારી ચિરંજીવ રહી બની,
વેદનાની વાત અંતરમાં વણી
અમે કર્તવ્યો કર્યાં, કરતાં રહ્યાં
કિન્તુ પળ પણ ના તમોને વિસ્મર્યાં.



મૃત્યુની ઘટના અવનવી વિશ્વમાં
પાડતી પડદો પ્રબળતમ કાળનો,
જનાર પાછું ફરે ના રૂપ એ,
રંગ ના દેખાય પાછો જીવને,
માહિતીના તાર સઘળાં તૂટતા
થયેલા સંપર્ક સત્વર છૂટતાં,
અરે વિધિની એય કેવી ક્રૂરતા
જેમને સર્જે વિસર્જન એમનું
કરે ઇચ્છા કે અનિચ્છાથી સદા
દીસતી એ અલ્પ ના નિષ્ઠુરતા.

ચાર મહિના મૃત્યુને આજે થયા
કિન્તુ બીજા જગતમાં જનમ્યાં તમે
ચાર મહિના લાગતાં એને થયા;


જન્મ ને મૃત્યુતણી લીલા સતત
દેખતાં સુણતાં સમજતાં મોહને
મટાડે ના એમની આવે દયા.

આ અનિત્ય જગતમહીં તારક મરે,
એક સ્થળમાં રહી ના શકતી હવા.

## જવાનું ચોક્કસ

જવાનું ચોક્કસ આ જગથી.
જન્મમરણની મહાનિસરણી, આ તો લઘુ પગથી
જવાનું ચોક્કસ આ જગથી.

રોવા તેમ કકળવાથી શું ચિંતા કર્યે અમથી,
પોકાર્યે પણ હેતુ સરે ના તપ યજ્ઞે જપથી
જવાનું ચોક્કસ આ જગથી.



રથ બદલાયે, ગતિ બદલાયે એના અશ્વતણી,
પથ બદલાયો લાગે કો'દિ ના બદલાયે રથી.
જવાનું ચોક્કસ આ જગથી.


સૂકાયે ને ફરી ભરાયે ચાતુર્માસ નદી;
પાનખરે પાન ખરે પાછાં પ્રગટે પ્રાણ ભરી.
જવાનું ચોક્કસ આ જગથી.

સ્વર્ણસમય આ શ્રેષ્ઠ સાંપડ્યો, સુંદર સાધનથી
શાંતિસહિત જો જઇ શકાયે શોક રહે ન પછી.
જવાનું ચોક્કસ આ જગથી.

## યાત્રાની માહિતિ

પાંચમે દિને કરીશું યાત્રા હવે.
હવે નૂતન દેશ નૂતન વેશમાં
સૂર્યકિરણે સ્નિગ્ધ શાંત સવારમાં
આપણે અહીંથી વિદાય થશું ખરે.
વાયુમંડળ અવનવીન ભલે મળે.

રહેવું ના વધારે દિવસો હવે
આ સ્થળે આ પ્રદેશે ગમતું મને.



પાંચ દિવસો પહેલાં વચનો કહ્યાં
તમે એવાં ખરેખર સાર્થક થયાં,
ચાર દિવસ સુધી સમાધિમહીં રહી
પાંચમે દિવસે પ્રયાણ કરી ગયાં
પરમયાત્રી બની દેહ તજી ગયાં.

પ્રવાસી જાણે પ્રસંગ પ્રયાણનો
મહાયોગીઓ વિશે એવું સુણ્યું.
તમે એ યોગીજનોની સાધના
કરી સાર્થક અમે એ નીરખ્યું બધું.

મૃત્યુને જાણી અને મારી ગયાં
ઘોર કલિમાં સત્યયુગમાંહી વસ્યાં.

# લાગણી

નવમા વરસે લીલા સંકેલીને જતાં રહ્યા
પિતાજી તોય લાગેલી એમની એટલી નહીં
ખોટ કે નવ વ્યાપેલી વેદના જિંદગીમહીં.
કોઇ યાદ કરે ત્યારે એમની યાદ આવતી.
અમે એવી કાળતણાં ગેબી પ્રવાહે વહેતાં જતાં
કૌમાર્યકાળમાં જીવે પરતંત્ર બની બધાં
મહાપ્રયાણ કિન્તુ આ તમારું યાદ આવતું,
અહર્નિશ ઉરે મારા અનોખી ઉર્મિ લાવતું,
સંવેદનસ્વરો પ્રાણે પ્રેમપૂર્ણ જગાવતું;
ભર્યુંભર્યું બધું જાણે ખાલી કે શૂન્ય લાગતું

નથી શોક નથી ચિંતા ક્લેશ કે વ્યગ્રતા જરી
પ્રજ્ઞાની પાવની જ્યોતિ રહી શ્રેયસ્કરી જલી,
ખિન્નતાને નથી એથી સ્થાન નૈરાશ્યને વળી,
છતાંય કરુણાકેરી તંત્રી કોઇ બજી રહી

લાગણી આટલી જાગે મારા નિર્લિપ્ત પ્રાણમાં
લિપ્ત પ્રાણતણી ત્યારે હશે કેવી થતી દશા?

## નકામો

જરી જેણે સ્વપ્ને પણ મરણનો શોક ન કર્યો
નકામો છે તેના શુચિ મરણનો શોક કરવો
જરી જેને સ્વપ્ને પણ મરણની ભીતિ ન થઇ
નકામી છે તેના શુચિ મરણની ભીતિ સઘળી.

હતો જેનાં હૈયે હરખ ન જરા જીવનતણો
જવાથી તેના છે અઘટિત ખરે શોક કરવો.
સદા નિર્મોહીના પ્રતિ નીરખવું મોહનયને
જરા એથી એને સમુચિત નથી ન્યાય મળતો.

બતાવ્યું એણે કે જનમમરણે નિશ્ચળ થવું
કરી કર્તવ્યોને સતત બનતાં નિર્મમ જવું,
મહાયાત્રાના આ સુખદજનક વિશ્રામસ્થળને
પરાયું જાણીને પરમપદને નિત્ય વરવું.

ગણી લીલા આ તો અભિનય કર્યો રાગ ન કર્યો,
વિસામો ખાઇને શ્રમ સફરકેરો સહુ હર્યો;
નકામો છે તેવા અભિનયતણો ખેદ કરવો,
ગણીને અજ્ઞાને મૃત અમૃતને ક્લેશ ધરવો.

## અમર જીવન

જ્યોતની મદદથી જ્યોત જાગી ગઇ
　　　મંદિરે અંધકારે અનેરી,
લીન પાછી થઇ મૂળ એ જ્યોતમાં
　　　સ્થિરતાથી પ્રકાશી ઘણેરી.

વીચિમાળા થઇ શાંત અર્ણવમહીં
　　　ભિન્ન ભાસી છતાંયે અભિન્ન,
સ્વલ્પ ક્રીડા કરી હર્ષ ઉત્તમ ધરી
　　　શાંતિ પામી બનીને વિલીન.

અગ્નિજ્વાળાથકી દીપ્ત અંગારની
　　　સૃષ્ટિ સુંદર થઇ સહજ ન્યારી,
અગ્નિજ્વાળામહીંને સમાઇ ગઇ
　　　સૂર્યનાં કિરણ જ્યમ સૂર્યમાંહી.

જ્યોતમાંથી થઇ જ્યોત જ્યોતે મળી
　　　માત જ્યોતિર્મયી એ તમારી;
અન્ય દુનિયાથકી પધારી પાછાં ફર્યાં
　　　ત્યાં જ દુનિયા તજીને અમારી.

વીચિશાં સિંધુમાં અગ્નિઅંગારશાં
　　　રશ્મિશાં સૂર્યકેરાં પ્રતાપી,

પદ્મ ખીલ્યું હસી પાંખડી બે ઘડી
ને થયું બંધ સંધ્યા નિહાળી.

મૃત્યુ એને કહ્યું અજ્ઞ કોઇ જને,
મૃત્યુને સ્થાન જીવનમહીં ક્યાં;
એક જીવનથકી અન્ય જીવનમહીં
પૂર્ણ પ્રજ્ઞા સજીને પ્રવેશ્યાં.

ચેતના ચેતના જિંદગી જિંદગી
સિંધુમાં મારતાં ત્યાં હલેસાં.



## જિંદગી મળી

જિંદગી મળી તને જિંદગી મળી
હીરામાણેક ને મોતીથી મોંઘી
અમુલખ કહેવાય એવી જિંદગી મળી.

વીરડી મળી તને વીરડી મળી
રણમાં રસાળ મહાવીરડી મળી.
ગીતની મળી સંગીતની મળી
પંક્તિ કલ્યાણકારી ગીતની મળી.

અંધકારમાં અટવાયેલ આત્મને
પરબ પરમ કો' પ્રીતની મળી.
મંથન કરીને કોઇ મૂકી ગયું એવી
પ્યાલી કોઇ નવનીતની મળી.

દેવો ને સિદ્ધોએ રાખી અપેક્ષા એવી
કરુણાની કાયમની હેલી મળી.
અમુલખ કહેવાય એવી જિંદગી મળી.

## સંબોધનો

સંબોધનો કર્યાં કેવાં તમે સ્નેહથકી છલ્યાં
મમત્વથી ભરાઇને મધુથી મધુરાં નવાં,
ડાહ્યલી સુરભિ રાધી સરૂડી ટકુડી વળી
ડાહી લટુકડી સૂતાં પર્યંકે છેવટે તમે
પ્રભાવિત થઇ દૈવી સ્નેહે સર્વેશ્વરીતણાં
સંબોધનો કર્યા એને દ્રવી સેવા નિહાળતાં.

આશ્ચર્ય લાગતું એવાં સુણી શબ્દો અનેકને,
પરંતુ પ્રેમનાં વિશ્વે કશું આશ્ચર્ય હોય ના.
પ્રેમ કશું ન કરે, જીતે મનને અંતરાત્મને,
અશક્ય એહને માટે કોઇયે કાર્ય ના ખરે.

સંબોધનો સુણી એવાં અમને એમ લાગતું
વિશ્વની ચેતના સત્તા જગદંબા મહાન કે
પ્રસન્નતાથકી બોલે બોલાવે એમ પ્રેમથી
આશીર્વાદ ધરે જોઇ સેવા સર્વેશ્વરીતણી.
પડદો જ રહ્યો વચ્ચે થઇ તે દૂર જાય તો
પ્રકાશ પ્રગટે ન્યારો પ્રસરે પરમાત્મનો.

તમારામાં અમે પેખી પરમાત્મતણી પ્રભા
સાંભળી એમની વાણી માણ્યું માધુર્ય સ્પર્શમાં.

## વિરલ માતા

એવી થઇ વિરલ માત સમાજમાં આ
જેણે સુનીતિમય પંથ સુપુત્રકેરો
કીધો પ્રશસ્ત અનૂકુળ રહી સદાયે
અધ્યાત્મરંગમય જીવન જીવવાને.

એવી થઇ વિરલ માત વળીય થોડી
સાથે રહી નિજ સુપુત્રતણી કરીને
સેવા કર્યું સફળ જીવન જેમણે આ
કોલાહલે વિજનમાં વસતાં હમેંશા.

માતા તમે વિરલ છેક હતાં અનોખાં
સાથે રહી તપ કર્યું વિપદા સહીને
અર્પ્યો અમૂલ્ય સહયોગ સુપુત્રને ને
એની સમસ્ત સમજ્યાં શુચિ સાધનાને.

માતા છતાં સુહૃદ શ્રેષ્ઠ બન્યાં તમે તો
શિષ્યા સહાયક સખા પરિચારિકા વા.

## બંધન મુક્તિ

પીંજરથી છૂટી પંખી નવચેતન પામીને
અભિનવ સામર્થ્યે સોહે બંધનથી મુક્ત બનીને,
પાંખોને ફફડાવીને સ્વૈરવિહાર કરે વ્યોમે
સ્વેચ્છાએ વિહરે વાસે કિલ્લોલે સ્વતંત્ર ભોમે.
પંખીની સાથે વિચરે ક્રીડે નંદનવન જેવા
જીવનનો ઉત્સવ માણી સર્વત્ર સમર્પે સેવા.
પીંજરની કુંઠિત શક્તિ અણમોલ અસીમ બનીને
અવતાર અનેરો અર્પે પ્રાણે ચૈતન્ય ભરીને.

તમે બંધનમુક્ત બન્યાં છો તો ધ્યાન અધિકતર આપો
સંતપ્ત હૃદયને ઠારો ને ક્લેશ જગતના કાપો.
સવિશેષ શક્તિથી રક્ષો નિર્બળ પથભ્રાંત જનોને
કરુણાથી તારો મરતાં જડતામાં મગ્ન મનોને.

તમે કેવળ મુક્ત બન્યાં તો સંભાળ અધિકતર રાખો,
અંધારા અવનીકેરાં મૃતપ્રાય સૌ કરી નાખો.

## સાર્થક

દીપક પ્રશાંતિ પામ્યો રેલી પ્રકાશરેખા,
રેખા નથી નિરર્થક એણે બધે પ્રસારી,
એનું પ્રકાશવાનું ક્યારેય ના નિરર્થક,
સાર્થક પ્રકાશ એનો હો અલ્પ તોય સાર્થક.

ઉદ્યાનમાં ઉગીને સુમને સુવાસ રેલી,
કોઇય મંદિરે ના એને જગા મળેલી,
એનું ન ખીલવાનું તોયે કદી નિરર્થક,
ઉદ્યાનને ઉજાળ્યું એની સુવાસ સાર્થક.

જે સ્રોતના સલિલમાં કોઇય ના નહાયું,
કોઇય માનવે ના જેને કદા નિહાળ્યું,
એનું વહન અનોખું સ્વપ્ને નથી નિરર્થક,
પંખીને પ્રાણ આપ્યો કિલ્લોલ શાંતિ સાર્થક.

જે આરતી ઉતારે તે માળ જ્યોતકેરી
ને ના ઉતારનારી દૂરસ્થ જ્યોત પેલી,
આ ધૂપ બે જ ક્ષણમાં આરાધનાર એની
મીઠી સુગંધનીયે પૂજા સદાય સાર્થક.

જે ગાય સ્તોત્ર બોલે દેખે પ્રસન્નતાથી
ના ગાય મૌન સેવે બેસીને બંધ આંખે


ડૂબે તમારા ધ્યાને, માળા ભલે ન અર્પે,
હૈયે પ્રસૂન ધારે, એનોય સ્નેહ સાર્થક.

રેલેલ રશ્મિ રવિએ જોવાંય ના છતાંયે
કોદી નથી નિરર્થક એનો પ્રવાસ સાર્થક.
સંગીતના સ્વરોની અજ્ઞાત તોય સૃષ્ટિ
સ્વપ્ને નથી નિરર્થક વરસંત દિવ્ય વૃષ્ટિ.

આવાગમન ધરિત્રી પર મેધબિંદુકેરુ
કોદી નથી નિરર્થક; સાર્થક સદાય સાર્થક.



## અન્યકાજે જિંદગી



બાલપણમાં પિતાનું મૃત્યુ થયું
તે પછી જનનીપદે પહોંચ્યા પછી
મૃત્યુ માતતણું થયું અચરજભર્યું.
તમે જગનાં ઝેરને જોયાં, સહ્યાં
સંકટો, પ્રતિકૂળતામાંથી વધ્યાં
પ્રતિપદે આગળ સજીને સ્થૈર્યને
અનોખી હિંમત સદાયે પ્રાણને
ચેતના ધરતાં કરી કર્તવ્યને.

બાલપણમાં મૃત્યુ તાતતણું થયું
વળી માતા પણ ગયાં સંકટ સહ્યાં
એટલે શ્રદ્ધા તમારી ઇશમાં
દીનહીન અનાથની કરુણા વળી
મળી તમને વારસામાંહી, વધી
તમે જીવ્યાં અન્યકાજે જિંદગી.

## વારસો

તમારા રક્તકણમાં છળકપટનો લેશપણ ન હતો,
હતો વિશ્વાસઘાત નહીં શ્વસનમાં લેશમાત્ર દગો.

અનૃતને અન્યાય કરવાની કરેલી કલ્પનાયે ના,
અનાચારો અનર્થ હતા તમારી પ્રકૃતિમાં કયાં?

પસીનાનું સદા ખાધું રહીને પૂર્ણ પ્રામાણિક,
કુદ્રષ્ટિ તો કરી ના કિન્તુ મતિ બગડી ના કિંચિત.

સરળતા સૌમ્યતા શુચિતા સહજતા સાદગી સ્વાશ્રય
સનાતન સ્નેહનો તમને મળેલો વારસો આશ્રય.

તમારા રક્તકણમાં સ્વાર્થનો લવલેશ પણ ન હતો,
હતો વિદ્વેષ ના, ના રાગ ભયનો અંશ ક્યાંય કશો.

બગાડ્યું ના તમે કોનું કરી ના કલ્પના એની
સુધાર્યું સર્વનું હેતાળ હૈયાની કરી હેલી.

તમોને પામવા માટે અમોને એટલે ગૌરવ;
તમે સરજ્યું સદાયે સ્વર્ગને રગદોળતાં રૌરવ.

## માતૃદેવો ભવ

માતૃદેવો ભવ માતૃદેવો ભવ
પરમ એ મંત્ર છે માન મારું.
મર્મને સમજતાં તોડ તાળું,
શાંતિમાં સ્નાન કર સુખમહીં મગ્ન કર
પામશે સિદ્ધિનું સ્થાન ન્યારું... માતૃદેવો ભવ

દેવ બીજા વસે વિશ્વમાં આ
કિન્તુ પ્રત્યક્ષ છે દેવ માતા,
દેવદેવેશ એ પ્રગટ અખિલેશ છે
નિત્ય આરાધ ને પામ શાતા... માતૃદેવો ભવ

તીર્થમાં વાસ કરતો વિચરતો
તીર્થ જંગમ પરમપુનિત માતા
લક્ષમાં લેશ એ જ્ઞાનને ધાર તો
મુક્ત બનશે મધુર મુક્તિદાતા... માતૃદેવો ભવ

કામધેનુ સદા સેવ સ્નેહે,
ત્રુટિ કદીયે રહેશે ન કેમે
પૂર્ણ પરિતોષથી અચળ અનુગ્રહથકી
ક્ષતિ રહેશે નહીં યોગક્ષેમે... માતૃદેવો ભવ

## કાચનું ઘર

કાચના ઘરને બનાવી કાચના
કોચ પર બેસી રમકડાં કાચનાં
રમે બાળક, કાચનો કૂવો કરી
કલ્પનાના પાન પાણીનું કરે,
કાચમાં ભોજન કરી શમવે ક્ષુધા,
કાચના વટવૃક્ષની શીળી સઘન
છાંયડીમાં કાળજાકેરી વ્યથા
કહે, સળગે છેવટે વડવાગ્નિમાં.

કાચના ઘરમાં રહેતાં આપણે
અહર્નિશ તપી રહેલાં તાપણે;
અગ્નિજ્વાળામાં જલે ક્યારે બધું
નિશ્ચયાત્મક ના કહેવાયે કશું.
કાચ તૂટે ના કહેવાયે કદા
છતાં પોતાને સુરક્ષિત માનતા
અજ્ઞ બીજા કોણ એ પંડિતસમા ?


## પ્રેમસ્વરૂપ

ધર્મસંસ્થાપન પરમભક્તોતણી રક્ષા
અધર્મતણા અંત માટે માનવીમૂલ્યો
રક્ષવા દર્શાવવા લીલા વિવિધ કરવા
ધરિત્રીના તાપને સંતાપને હરવા
માનવીને યુગોયુગની પ્રેરણાને ધરવા
ઇશ્વરે લીધા જગતમાં મનાતા અવતાર
તિતીર્ષુને કરી દેવા અવિદ્યાથી પાર
દિવ્ય દર્શન આપવાને વળી વારંવાર.

કિન્તુ અંતે માતનું મનહર સ્વરૂપ ધર્યું
પ્રેમમય મધુતાથી મઢેલું શુચિ મમત્વભર્યું
થઇને નિર્બંધ કરવા પ્રગટ પ્રેમસ્વરૂપ
બન્યા માતા સગૌરવ સાનંદ જગના ભૂપ
પ્રાણ ત્યારે એમનો પામ્યો પરમસંતોષ
વિરલાએ ઓળખ્યા જોવા છતાં હરરોજ.

## બાળલાગણી

કહે નાનાં બાળકો સાંજે સદા,
દૂર ફરવાકાજ માતાજી ગયાં
માર્ગ ભૂલ્યાં કે પછી વાતે વળ્યાં,
ક્યાંક કરવા વિરાજ્યા વિશ્રામને.
આવવાં જલદી જ જોઇએ હવે,
નહીં ભૂલ્યાં હોય આપણને ખરે.



કહે મોટેરાં, પ્રવાસમહીં ગયાં,
હવે પાછાં ના ફરી શકશે કદી.
વિકટ છે યાત્રા સુદીર્ઘ અનંત ને
જમી લો એકલ છતાંય એટલે.

કહે નાનાં બાળકે, મોડા અમે
પડીએ તો શોધવા આવો તમે,
જમો ના, ના જમીએ સૌ ત્યાં સુધી
નિરાંતે ઊંઘી શકો ના સ્નેહથી.

સ્નેહ તો ના સ્વલ્પ માતાજીતણો,
શોધવા ના છતાં નીકળતાં તમો,
નિરાંતે વાતો કરો બેસો જમો
બનો નિંદ્રાધીન રસપૂર્વક રમો.
લાગણી ક્યાં તમારી સઘળી ગઇ

પ્રતીક્ષા કરતાં વિપળ પણ કો નહીં.

કહે મોટેરાં ગયાં છે સ્વર્ગમાં.
વદે બાળક, સ્વર્ગમાં ? તો સ્વર્ગમાં
જઇને મળવું ઘટે છે એમને.
જઇશું કાલે; વડીલ મનાવતાં.

કહે બાળક, કાલ કાલ કહી તમે
વિલંબ કરો વ્યર્થ એમ પટાવતાં.
લાગણી જો હોય તો ચાલો હવે
હોય ખૂણેખાંચરે ભૂગર્ભમાં
હોય જ્યાં ત્યાંથી લઇને સાથમાં
ફરીએ પાછાં. હવે વધુ વાર ના
વિયોગ શકાયે સહી કટુ એમનો.

દ્રવે ખૂણો વડીલોની આંખનો.

## ક્યાં ગયાં ?

તમે ક્યાં ગયાં છો ક્યાં ગયાં ?
સ્થૂળરૂપ તજી સુસૂક્ષ્મે
સુખદ દર્શન શ્રવણ કરતાં સર્વના સાથે રહ્યાં
તમે ક્યાં ગયાં છો ક્યાં ગયાં ?

છે વ્યોમ સૌથી પર છતાં સૌમાં સમાયું લાગતું
ને વાયુતેજતણું પ્રકાશન બાહ્ય આંતર ભાસતું.
જ્વાળા જલી ને ધૂમ્રરેખા સમાઇ અવકાશમાં.
તમે ક્યાં ગયાં છો ક્યાં ગયાં ?

પ્રકટ્યાં હતાં જ્યાંથી ગયાં ત્યાં કરીને લીલા તમે,
જીવન અકલ્પ્ય અનંતને માન્યું કરુણ મરણ અમે.
માળા તરંગતણી તણી વળી પાછી સનાતન સિંધુમાં
પાછું ફર્યું સંધ્યાસમે વનથી વિહંગ નિબીડમાં.
તમે ક્યાં ગયાં છો ક્યાં ગયાં ?

## માત અંકમાં

પુષ્પને પૂજતા કિન્તુ પુછો કોમળ ડાળને
તપસ્યા કેટલી કીધી, ભૂલો ના શાંત ડાળને.
વખાણો સરને કિન્તુ વિધિનિર્મિત પાળને
વિસ્મરો ના રચી દેતી એને - તે જળધારને.

જ્યોતિની કરતા સર્વે પ્રશંસા પણ જ્યોતિનો
આધાર દીપિકા પેલી, યશ એને જરા ધરો.
સ્રોતની છે છટા ન્યારી હૃદયંગમ તે છતાં
એની મૂળ જનેતાશી સરિતાનીયે છે કથા.

મહાપુરૂષને પૂજે, માને માનવજાતિ આ
આરાધે મંદિરો કો'દી રચે મંગલ એમનાં
ઉતારે આરતી જન્મે મનાવે મહોત્સવો
યુગો સુધી કરે સૌની પ્રેરણાદાયિની કથા.

હર્ષ એ દેખતાં જાગે, જાગે તેમ જરા વ્યથા,
ક્યા મંદિરના સૌથી પહેલાં દિવ્ય દેવતા
બનેલા એ ધરી કોણે એમને નિત્ય પ્રેરણા,
વિચારે ના બનેલા કો હતા પારસ હેમના.

તારાગણ તથા ચંદ્ર આકર્ષે આજ ચિત્તને
તોય પાછળ એ સૌને સ્વસ્થ આધાર વ્યોમના.

પ્રત્યેક મૂર્તિમાં સોહે શિલ્પીની મૂર્તિ મંગલા
ઉષા દેખાય ના તોયે સમાઇ સૂર્યસંગમાં

પૂજો પંકજને ત્યારે ભૂલતાં પંકને નહીં,
પ્રત્યેક પુરૂષે ખોલ્યાં લોચનો માતૃઅંકમાં.

## તમે

તમે મંગલ મંદિર મારું.
તમે તીર્થ સનાતન ન્યારું.
તમે મંગલ મંદિર મારું.

તમે પરમચંદ્રિકા પ્રત્યક્ષ ખરે
અંધારે અજવાળું;
તમે દીપજ્યોતિ, પુષ્પોનું સુંદર
ઉપવન શાશ્વત પ્યારું.

તમે ગંગાયમુનાસરસ્વતીથી
અધિક સુખદ મમતાળુ,
મહિમામય વિશેષ સાધનાતણી
સંસિદ્ધિ પદ ચારું.

તમે શાંતિ સનાતન પ્રેમ પુરાતન
પ્રગટ પ્રભાત કૃપાનું;
જીવન ધરવાને સ્વાપર્ણ કરવા
રૂપ ધરેલ માનું.

# તર્પણ

અંતસમયનાં સંસ્મરણોની સ્મૃતિની માળ પ્રબળતમ
બનીબનીને સંવેદનથી છલકાવે અંતરતમ.

શરીર મૃત એ સ્મશાનયાત્રા ચિતા સળગતી જ્વાળા,
ભસ્મિભૂત સઘળું, તીર્થોનું અંતિમ અસ્થિવિસર્જન.
તાજેતરના ભૂતકાળની ઘટના એ સૌ લાગે,
તોપણ ચક્ર કાળનું એને કરતું નિત્ય પુરાતન.

એકવાર વિધિપૂર્વક પેલું કર્યું તમારું તર્પણ,
તર્પણ પહેલાં અને એ પછી કર્યું બધુંય અર્પણ
સમાજના ને સર્વેશ્વરના ચરણોમાં મેં પાછું
તમમનઅંતર કેરું કીધું કાયમકાજ સમર્પણ

નિર્મળ નેત્ર નિહાળે નયનો વદન પ્રસન્ન મધુરતમ,
ક્ષણેક્ષણે સ્વર સુણે તમારો સ્નેહભરેલ શ્રવણદ્વય;
સ્થળે સ્થળે અંતરને થાયે સતત ચિતાનું દર્શન
સ્વપ્ને પણ ના થાય ભ્રાંતિ, ના કિલ્મિષનું હો સ્પર્શન.

બીજાને સુખશાંતિ અર્પતા જીવું સમગ્ર જીવન,
સર્વોત્તમ એ તર્પણ મારું સુખદ શ્રેષ્ઠ શુભ અર્પણ.

## અમૃતનો પથ

અન્નના દેવતા લાગે ઉઠી જાણે હવે ગયા,
મરવાનું હવે આવ્યું સમીપે છેક લાગતું.
એથી ખવાય ના અન્ન, રુચિ ના અન્નની થતી,
જોતાંવેંત જ જાગે છે ચિત્તમાં ઉપરામતા.

અન્નના દેવતા લાગે ઊઠી જાણે હવે ગયા,
હવે જીવન છે થોડું છતાં ચિંતા મને નથી,
પંચમહાભૂતતણો ક્યાંયે અજરામર ના રથ,
છોડી એને જશે અંતે અજ્ઞાતસ્થળમાં રથી.

મન મારું રમે પ્રેમે પદમાં પરમાત્મના
તેથી શોક નથી ના છે મોહઆસક્તિવાસના;
મને નિરાંત છે કે હું વિરાજું પ્રભુપાસમાં;
બંધાયો પ્રાણ ના મારો લેશ લૌકિક પાશમાં.

મરવાનું હશે આવ્યું તોય ઉદ્વેગ લેશ ના
જઇશ શાંતિથી છોડી દેહને પ્રભુધામમાં
સાધારણ પથારી આ નથી મારી અહીં થઇ,
પથારી મૃત્યુની એને કહો દિવ્ય મુક્તિની.
ઊઠાશે ના હવે ત્યાંથી તોય લેશ ના વેદના
આત્મામાં જ રમે એને મમતા હોય લેશ ના.

તમારા એ હતા શબ્દો સર્વે અંતિમકાળના.
અંતસમે તમે લીન બનીને આત્મધ્યાનમાં
સ્થિતપ્રજ્ઞસમાં સૂતાં દેહાધ્યાસથકી પર,
કાળનું શે પછી વાગે વીંધે કે તમને શર ?
બન્યાં અમર ને અર્પ્યો મહામંત્ર સનાતન,
કાયાને ત્યાગતાં સૌને ચીંધ્યો અમૃતનો પથ.

## સ્થિતપ્રજ્ઞતા

લાભાલાભે અને માને અપમાને સુખેદુઃખે
શુભાશુભમહીં રાખે મનને સ્વસ્થ સર્વદા.
આત્માનંદમહીં મગ્ન પૂર્ણ નિશ્ચિંત નિર્ભય
નમ્રાતિનમ્ર વિષયો વચ્ચે શાંત અચંચળ.

કાચબો જેમ સંકેલે, સંકેલી તેમ ઇન્દ્રિયો
વસે સંયમ સાધીને વિતરાગ સદા બની
પ્રલોભન કરે કોઇ પ્રભાવિત જરાય ના.
અધ્યાત્મનિષ્ઠ આસક્તિ-મમતાયુક્ત નિર્મળ
પરમાત્મતણી પ્રીતિ અનુસંધાન આત્મનું
રાખે અક્ષય પામીને બળ આત્મવિચારનું
અન્યની શાંતિને માટે તેમ ઉન્નતિ સાધવા
જીવે જગે કહ્યા એવા વચનો સ્થિતપ્રજ્ઞનાં.


વિચારેલું તમે એવી પામવા સ્થિતપ્રજ્ઞતા,
હતું સાધન ના નાનું સહેલું એટલું છતાં
સાધનાની તમે પામ્યા સંસિદ્ધિ છેવટે અહીં,
તમારામાં નિહાળ્યાં એ લક્ષણો સ્થિતપ્રજ્ઞનાં

ધારે તો માનવી શું ના કરી જીવનમાં શકે
બતાવ્યું તે તમે, શાંતિ-પૂર્ણતા મેળવી શકે.
વાસનાથી બની મુક્ત કરે જીવન ઉજ્જવળ

અમને એટલા માટે અર્પો બળ અને વર
શ્રાદ્ધનાં દિવસે આજે માગીએ માત્ર એટલું
રહીએ અભ્ર આકાશે એમ નિર્લિપ્ત નિર્મળ.

## ઉપસ્થિતિ

અર્પે ઉપસ્થિતિથકી પ્રિય પ્રેરણાને
દે શક્તિ શાંતિ રસ પ્રેમ પ્રકાશ નિત્ય
દે સાથ જીવનમહીં સહયોગ છાયા
અર્પે ઉપસ્થિતિથકી પ્રિય ચેતનાને



એવું કહે વિબુધને મુજને જણાવે,
માતા ગયાં તન તજી તમને પછીથી
શૂન્યાવકાશ નવ જીવનમાં જણાયે ?
આનંદ કે રસ ઘટ્યો સહસા જરાયે ?

હું એમને સહજ શાંત ઉત્તર આપું,
માતા ગયાં તન તજી પણ એમની ના
લાગે અનુપસ્થિતિ લેશ; પરોક્ષ રીતે
એવો જ સાથ સહયોગ પ્રકાશ અર્પે

એ આત્મને; અનુભવું નવ રિક્તતાને.
એ તો હતાં, હજું રહ્યાં, રહેશે સદાયે.

## હુતાશની

હુતાશના આ પ્રકટી પુનઃ અહીં
એકાદ વર્ષે વિકરાળ જ્વાળા
કૃતાંતની જીવન ભક્ષવા જતી
પૃથ્વી તથા વ્યોમતણું છટાથી.
હુતાશની માનવની મને ને
ગૃહે કુટુંબે અવિરામ રાષ્ટ્રે
જલી રહી નિત્યનવી પ્રતિક્ષણે
અસંખ્ય એના પ્રગટી પ્રતીકશી.

હુતાશની સર્વ સ્થળે જલી રહી
વિદ્વેષતૃષ્ણાપશુવાસનાની
આસક્તિ નિર્બંધ અહં મમત્વ ને
હિંસાતણી પ્રોજ્જવલ સર્વભક્ષી,
કોઇ તમારાસમ મુક્ત એથી
રહી શકે અદભૂત આત્મશક્તિથી.

## માતાનો મહિમા

મમતાળુ સંસારે સઘળાં, વધુ મમતાળુ માતા,
નિર્મળતાની પ્રતિમા દેવી સ્વર્ગતણી સદ્યસ્નાતા.

પ્રેમાળ અસંખ્ય જગતમાં પણ પ્રેમાળ વધારે માતા,
પ્રેમ જ જાણે અવતીર્ણ થયો રચવા પ્રીતતણી ગાથા.

કરુણાર્દ્ર ધરાતલ પર કૈંયે, કરુણાર્દ્ર વધારે માતા,
કરુણા પોતે પ્રગટી રૂપ ધરી એનું જીવનદાતા.

મધુતાથી મઢેલ મનનાં કૈંયે, મધુર અધિક પણ માતા,
મધુતા પોતે પ્રત્યક્ષ થઇ મધપૂડે મઢીને કાયા.

સંકટ સહે અન્યને માટે સુખને ત્યાગે માતા,
ધરતી કરતાંયે વધારે સહે એ સાક્ષાત તિતિક્ષા.

સૌંદર્ય શીલ રસ પૂર્ણ સર્જને પદાર્થ દિવ્ય અનેરા,
અપૂર્ણ દીસે નીરસ લાગે હોય નહીં જો માતા.

## પ્રતીતિ

નીરખ્યાં નયનો મધુ માતતણાં મને ત્યારથી એવી પ્રતીતિ થઇ
શુચિ ગંગા અને યમુના પ્રગટી વહેતી દિનરાત સદાય અહીં.
મળ્યું દર્શન ઉદભવસ્થાનતણું સરિતાદ્વયનાં નયનોમાં મને,
થયું સ્વર્ગ નહીં નવ મોક્ષ વળી હશે વૈકુંઠ અક્ષરધામ કશે.

વચનો સુણતાં મધુ માતતણાં મને મંગલ એવી પ્રતીતિ થઇ
મધુતા શુચિતા રસ સ્નેહતણી કવિતા જગમધ્ય અહીંથી વહી.
સુખશાંતિનું મંદિરપ્રાંગણ આ, પરમૌષધિ ક્લેશત્રિતાપતણી,
સહુ દેવ વસે મુનિસિદ્ધ હસે નવચેતન અદભૂત પામી અહીં.

મને શીતળ માતનો સ્પર્શ મળ્યો ત્યારે અમૃતનું અનુમાન થયું,
થયું કે વસતાં સહુ તીર્થ અહીં તપનાં ફળ શ્રેય રહે વ્રતનું;
પછી સોડમાં સિદ્ધિ નિહાળી બધી થયું શાશ્વત આ જગની જનની,
હવે દેવની શોધ છે શેષ નહીં મને માતને દેખી પ્રતીતિ થઇ.

## માતૃસેવા

તમને માન પહેલાં આપતો ને અપાવતો
દેશે વિદેશમાં તેમ યશ અક્ષય રાખતો.
બેસાડતો પહેલાં ને પછી બેસી સભાસ્થળે
વ્યાસપીઠથકી દેતો વક્તવ્યો શ્રેયમાર્ગનાં.
જમાડતો પહેલાં હું તમને, જમતો પછી
પ્રવાસમાં કરી દેતો જગ્યા સૂવાતણી.
યાત્રા જીવનની મીઠી કરવા સુખશાંતિદા
આવશ્યકતા પ્રમાણેની કાળજી રાખતો ઘણી.
વ્યાધિગ્રસ્ત અવસ્થામાં તમને ન્હવડાવતો,
પરિધાન કરાવીને વસ્ત્રો આરામ આપતો;
મોટરે બેસતી વેળા બેસાડી તમને પછી
બેસતો મોટરે, નાનાંમોટાં સૌ કષ્ટ કાપતો.
અશ્રુને લૂછતો પીડા પ્રાણકેરી શમાવતો,
સંતપ્ત અંતરાત્માને અર્પતો છાંય શીતળા,
મનોરથ બધા પૂરા કરતો મિષ્ટ વાણથી
સંતર્પતો; ધરી દેતો ધ્વનિ નૂતન ગીતના.

એથી સરળતા સર્વે સાંપડી ને શુભાશિષો,
અનુકૂળ બની અંતે ભાગ્યશ્રી સિદ્ધિઓ વરી.
સાફલ્ય જિંદગીકેરું તમને પણ સાંપડ્યું.
માતૃસેવાથકી દીસે પદ દુર્લભ ના કશું.

અશક્ય સુખ ના કોઇ કોઇયે સિદ્ધિ કે વર,
માતૃસેવાથકી શક્તિ સાંપડે શાંતિનિર્ઝર.

# વિરલ જીવન

જન્મે રડે સ્મિત કરે રમતે ચઢે ને
ચાલે ધરા પર ધરી ચરણો પ્રસન્ન,
દોડે ભણે; શિશુ મટી બનતાં યુવાન
ચાંલ્લો થતો કદિક લગ્ન કરે કમાય.
વૈધવ્ય વ્યાધિ વિપરિત પ્રસંગ આવે
વાર્ધક્ય; શોકસુખ ને દુઃખહાનિલાભ
સંપત્તિ ને વિપત માન વળી વિમાન
છાયા ઘડીક ક્ષણ બે ક્ષણ તીવ્ર તાપ
વેઠી બને દિવસ એક પછી વિદાય.

આવે ટપાલ નવ તાર નહીં ન ફોન
કોઇય કે ખબર, જે પડદો પડે તે
કોઇ શકે ન ઉંચકી અવિરામ એવી
લીલા બધે જગતમાં સરખી જ ચાલે.

એને કહે મનુજ જીવન, જિંદગીની
એ તો પરંતુ અતિક્ષુલ્લકશી સપાટી.
એમાં રહી જન કરે નિત નવ્ય યાત્રા
ઉત્કર્ષની, સુખ ધરે ચિરશાંતિ અર્પે
સત્પ્રેરણા પરબ જ્યોત બને અનેરી
યાત્રી બની સરસ સુંદર લે વિદાય.

એવાં ખરે વિરલ માનવ વિશ્વમાં આ;
મેં વર્તમાન યુગમાં તમને જ દીઠાં.

## યુગની અસર

થતી કલિયુગની અસર કોને નહીં,
યુગપ્રભાવતણાં પ્રબળ પવનોતણાં
રચાતાં તાંડવમહીં નિર્લિપ્તશા
રહી કોણ શકે, અને એવા વળી
કોણ માનવ હોય જે યુગને ઘડે ?
જે પવિત્ર પ્રશાંત નિર્ભય નિર્મમ
વીતરાગ સદૈવ જાગ્રત સંયત
લીન પરમાત્માતણા પ્રેમે રત.

અલિપ્ત રહ્યાં તમે કલિયુગથી સદા,
પ્રવેશ્યો કલિયુગ તમારામાં નહીં,
શક્યો સ્પર્શી ના તમોને સ્વપ્નમાં.
તમે સતયુગમાં વસ્યાં વિચર્યાં રમ્યાં,
યુગ હતાં ન્યારાં તમે યુગમાં અહીં,
થઇ કલિયુગની અસર તમને નહીં.

## અનંતતા

હતાં તમારાં બે જ નયન પણ એવું લાગે મુજને
અનંત નયનો દ્વારા નીરખો તજ્યા પછીથી તનને.

બે જ શ્રવણ સ્થૂળપણે કરતાં પૃથ્વીપટ પર ત્યારે,
અનંત શ્રવણે હવે સાંભળો અનુભવાય છે આજે.

સીમિત વાણી હતી પહેલાં શરીર ધાર્યું ત્યારે,
અસંખ્ય વદને વચને ઉચ્ચરો ગયા પછી અત્યારે.

સહસ્ત્ર હાથે સહસ્ત્ર ચરણે કરી રહ્યાં છો સેવા,
તનને ત્યાગ્યું તોપણ દીસો શાશ્વત નૂતન જેવાં.

સ્વલ્પ શક્તિ ને સંનિધિ થોડી હતી પહેલાં ન્યારી,
હવે સર્વદેશીય બન્યાં છો શક્તિ સનાતન ધારી.

માતા બન્યાં ગણ્યાંગાંઠ્યાં શરીરમાં રહ્યાં ત્યારે,
સ્વરૂપમાં લીન થતાં તમને માત ગણ્યાં હજારે.

## કાળચક્ર

આ કાળચક્ર નવ રાહ જુએ કશાની
દોડે સમીર ગતિથી, દિન તેમ રાત
ને રાતનો દિન કરે, મહિના બનાવે,
માસોથકી વરસ ને વરસો કરીને
અંતે યુગો પણ રચે સ્મૃતિને જગાવી
મીઠી કરે વિસ્મૃતિ, સર્જનની ક્રિયાને
માંડી વિસર્જન કરે, અપવાદ કોઇ
એને નથી; નવ કરે પળની પ્રતિક્ષા.

પૂરા થયા છ મહિના તમને ગયાને,
ના શોક થાય, ન વ્યથા વસમી છતાંયે
આદર્શ યાદ કરતાં સુકૃતો તમારાં
પામ્યા અખંડ નિતનૂતન પ્રેરણાને.
આ કાળચક્ર બળવાન ભલે ગણાયું,
તેની હશે ઉપર સ્થાન સદા તમારું.

## ગંગા

તમને ગંગા કે યમુનાજલ અંતે ના આવશ્યક લાગ્યું,
તુલસીદળને પણ અંતસમય ના યાદ કરતાં તમે માગ્યું.
જે ગંગામાં જ રહેતાં તેને ગંગાજલ શું યમુનાજલ,
તુલસીથી અધિક પવિત્ર પ્રાણને દળ બીજાં શું તુલસીદળ ?

ગંગાતટ પર જીવન ગાળ્યું, ગંગામાં ન્હાયાં પાન કર્યું,
ગંગાજલનાં ભોજન પામ્યાં, ગંગાતટ તપતાં દૈન્ય હર્યું;
મનમાં ગંગા નયને ગંગા વદને વચને ગંગાધારા,
હૃદયે રોમે ચરણે ચલને ગંગાકેરી મનહર માળા.
રક્તતણાં કણમાં પ્રાણે શ્વસને તનમાં ને મંગલ અંતરમાં
ગંગાની ધાર અનંત વહેતી સ્પંદનમાં સંવેદનમાં.
ગંગાસ્વરૂપ ગંગા જ બન્યાં, ગંગાથી અલગ ન રહ્યું કશું,
પગલે પગલે પાવન કરતાં જીવન સર્વત્ર સદાય વહ્યું.

ગંગામાં અન્ય નદી મળતી, ઝરણાં નાળાંય અસંખ્ય ભળે,
ગંગા નિજ મહિમામાં ડૂબી એ સૌને પરમવિશુદ્ધિ ધરે
ને રહે વિશુદ્ધ; તમે જગની સૌ મલિનતાથકી મુક્ત રહ્યાં,
ના અશુદ્ધિનાં ઝરણાં કોઇ તમને સ્પર્શી સ્વપ્નેય શક્યાં.

ગંગાથી અધિક પતિતપાવન પ્રેમળ વિશુદ્ધ રહ્યાં તમે.
ગંગાજલને એ શું માંગે ગંગા જેનો સંસર્ગ ચહે!

## કેટકેટલાં જીવો

કેટકેટલાં જીવો જગમાં આવ્યાં તેમજ ચાલ્યાં

આ ઉદ્યાનતણાં રંગો ને રસને નિશદિન માણી
પ્રવાસકેરું મુખ્ય પ્રયોજન જાણીને ના જાણી
કેટકેટલા નાનામોટા આવ્યા ગયા પ્રવાસી,
કેટકેટલા ગયા હસીને ધરતાં તેમ ઉદાસી.

કોઇ ફૂલે મુગ્ધ બન્યાં તો કોઇ ડૂબ્યાં ગંધે,
કોઇ ફળમાં કે શાખામાં કોઇ રસાળ રંગે;
આકર્ષાયા કે લેપાયા કોઇ સરવર જોઇ,
કોઇયે સૌંદર્ય નિહાળી સ્થિરતા સઘળી ખોઇ.

કેટકેટલા જીવો જગમાં આવ્યા તેમજ ચાલ્યા;
કોઇ પરમભાગ્યશાળી જન અલિપ્ત બનતાં મહાલ્યાં
તમને અંતે મળી એમણે પ્રવાસને અજવાળ્યો,
મળ્યો એમનો અન્ય જનોને સુખદાયક સથવારો.

કેટકેટલા જીવો જગમાં આવ્યા તેમજ ચાલ્યા;
આવાગમનતણી ચાલે છે એ જ પુરાતન માળા.
સમજી એવું સાવધ બનતાં કરવું સાધન એવું
પ્રવાસ થાય સફળ ને પ્રયાણ લાગે કરવા જેવું.

## મંદિર

કૃષ્ણનાં રામનાં બુદ્ધ ઇશુનાં અંબિકાતણાં
ગણેશ શિવ બ્રહ્માનાં મહાવીરતણાં ઘણાં
રચાયાં મંદિરો તેમ રચાયે હજુયે જતાં,
પવિત્ર પ્રસ્તરે સ્વર્ણશિખરે સમલંકૃત,

દર્શકો પામતાં સૌના દર્શને કૃતકૃત્યતા.
તમારી સ્મૃતિમાં એવું ભવ્ય મંદિર બાંધવા
મનોરથ કરે ભક્તો ભાવિકો કે પ્રશંસકો
અસંખ્ય મંદિરો ત્યારે મુજને યાદ આવતાં.

અન્યને કાજ જે જીવ્યા અર્પ્યું જીવન જેમણે
પ્રેરણા અન્યને અર્પી અભિનંદન એમને.
એમનાં મંદિરો ભક્તો રચે આશ્ચર્ય તો નહીં
જેમણે મંદિરો કેરાં કર્યાં નિર્માણ ચેતન,

જીર્ણોદ્ધાર કર્યા કીધાં પૂજાતાં પ્રેરણાસ્થળ,
મંદિરો થાય ના તોયે એ જ મંગલ મંદિર.

## માધુર્યતણી સૃષ્ટિ

મધુર આંખને મધુરી વાણી, મધુર વિચાર તમારા,
મધુર ભાવ મધુમુખમંડળ ને મધુમય અંગ નિરાળા;
મધુર ચાલ ને અભિનય મધુરા, મધુર તમારી દ્રષ્ટિ,
જોતાંવેંત જ તમે લાગતાં માધુર્યતણી સૃષ્ટિ.

સમુદ્રમંથન કરી છેવટે તમે અમીને પામ્યાં,
થયાં અમીમય, સોમલ સઘળાં સંપૂર્ણપણે શમ્યાં.
કટુતામાં શ્વાસ લઇ કીધી સતત સ્નેહની વૃષ્ટિ,
જોતાંવેંત જ તમે લાગતાં માધુર્યતણી સૃષ્ટિ.

થયાં વિદાય છતાંયે અભિનવ સ્મરણો નિશદિન જાગે,
નવાનવા છંદે આલાપે આતમ અભિનવ રાગે;
પ્રત્યેક પળે પ્રાણ પામતો અવનવીન કો પુષ્ટિ,
જોતાંવેંત જ તમે લાગતાં માધુર્યતણી સૃષ્ટિ.

વરસો મધુતાને કટુતામાં મહીમંડળે સારા,
જગવો અખંડ અમૃતકેરી નવજીવનની ધારા,
મધુરતા ધરો સૌ કોઇને અર્પો ને સંતુષ્ટિ,
માધુર્યતણી મૂર્તિ સરજો માધુર્યતણી સૃષ્ટિ.

## કોઇ કોઇનું નથી


જગતમાં કોઇ નથી કોઇતણું.
અજ્ઞ માનવ જેહની મમતા કરે
મોહ ને આસક્તિ જેનામાં ધરે
એ અનિત્ય વિનાશશીલ જગે ખરે
ચાલવાનો સમય આવે એટલે
ચાલવું છોડી સ્વજનસન્મિત્રને
દેહને પણ આખરે પ્રિય આ પડે
વ્યર્થ માનવ ક્લેશનાં કૂપે પડે.

જગતમાં કોઇ નથી કોઇતણું
એક ઇશ્વરના વિના કોઇ નથી
સ્વજન કોઇનુંય કોઇ છેવટે,
તમે અનુભવનું વચન અંતે કહ્યું.
મન રહ્યું ના તમારું ક્યાંયે અહીં;
ગયું પંખી મૂળ નિજ માળામહીં.

મળ્યાં સૌને થયાં કોઇનાં નહીં,
ભળ્યાં સૌમાં થતાં લિપ્ત બન્યાં નહીં,
વહ્યાં નિર્ઝરશાં સદા નિર્મળ રહી
અમોને સંતુષ્ટિ એ જોઇને મળી.

## ઉંમર

થયાં તમને કહો વરસો કેટલાં ?
તમે માનો એટલાં.
તોપણ કહો, ત્રીસ કે ચાલીસ, સાઠ પચાસ કે
વધારે, સિત્તેર એંસી જેટલાં ?
ના, થયાં ના મુજને વરસ ના એટલાં.
તો કેટલાં ?
પૂછતાં જિજ્ઞાસુ તમને જાણવા.



તમે અંતે શાંતિપૂર્વક તેમને
કહેતાં કે જ્યારથી જાગી ગઇ
જ્ઞાનની દુનિયામહીં, અભિનવ મળી
જિંદગી આ ત્યારથી, હા ત્યારથી
હજી શૈશવમાં જ છું જીવી રહી.

ગૂઢ વાત તમે રહેતાં એ કથી.
થયો મોટો શેં મનાયે માનવી ?

## ગ્રામમાતા


નાનું શું ગામડું.
સાબરમતી કિનારાના દિવ્ય ગુર્જરદેશના
નાનાશા ગામની નાની ઝૂંપડીને તમે ધર્યું
તમારા જન્મનું ભાગ્ય.
ભણી નાની નિશાળમાં
બાહ્ય જીવનના દ્વારે જાણે કે પગલું ભર્યું.

લગ્નજીવન ગાળીને થોડાં વર્ષો સુધી તમે
વૈધવ્યમાં પ્રવેશીને પુરમાં વસવા ગયાં.
અંતે હિમાલયે તીખાં તપવા તપને રહ્યાં,
દેશ તેમ વિદેશોમાં પ્રવાસી બનતાં ગયાં,
લીલા સંકેલતાં અંતે સ્વરૂપે લીન ને બન્યાં.

કોઇએ તમને દેવી કહ્યાં શ્રેષ્ઠ તપસ્વિની,
પ્રેમમૂર્તિ ગણ્યાં સાધ્વી પૂર્ણ તેમ પવિત્રતા,
હતાં સર્વ તમે એવાં કિન્તુ નિર્દોષ ઉજ્જવળ
ગ્રામમાતાતણા રૂપે નિહાળ્યાં તમને સદા
દર્શકોએ, તમારામાં રાષ્ટ્રની ગ્રામસંસ્કૃતિ
સાકાર બનતાં જોઇ અમે સર્વત્ર મંગલ.

## તમે બન્યાં

કર્યું નહીં સ્થૂળ વિશિષ્ટ દાન
કિન્તુ કર્યું જીવનનું પ્રદાન
જાગ્યા તમે તે ક્ષણથી સમાજને.
ના જ્ઞાન અર્પ્યું લિપિબદ્ધ મૌખિક
પરંતુ પ્રજ્ઞાપ્રતિમા બનીને
આચારથી જ્ઞાન સદા વહાવ્યું.



કર્યાં ન ચાંદ્રાયણશાં વ્રતોને
વ્રતે ભરેલી પણ જિંદગી રહી
બધી તમારી. ન કર્યું ભલે તપ,
બનેલ સાક્ષાત તમે તપસ્યા.
પામ્યાં ન પામ્યાં શુચિ વિશ્વચેતના,
તમે થયાં ચેતન વિશ્વચેતના.

ભેગા કર્યાં સ્થૂળ તમે ન વૈભવ
તોયે બન્યાં વૈભવનાં સમુદભવ.

## સ્મશાનેથી ગૃહે

અમે તમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યાં
હતું જાણે કશું ના સાથમાં સંસ્મરણને લાવ્યાં.

ગયેલાં તમારી સાથે મૂકીને હાથને માથે,
નવલ કપડાં પહેરાવી કરી કીર્તન બધી વાટે;
તમારી રક્ષવા કાયા મથ્યાં પણ ના અમે ફાવ્યાં,
ગમ્યું કે ના ગમ્યું સ્મૃતિનાં છતાં અવશેષને લાવ્યાં.


વખત વીતી ગયો વેગે સ્વપનશો મિલનનો મંગલ,
વિયોગતણો વખત વીતે તમોને કરીને વંદન.
જગતમાં કશું ના સ્થાયી કરીએ કેમ તો ક્રંદન,
વિખૂટાં જે પડે એનેય અંતરના અભિનંદન.

હજી પણ દ્રશ્ય એ તાજાં, સ્મરણ ના લુપ્ત લેશ થયાં,
અમોને એમ લાગે કે સફરમાં સદા કાજ ગયાં.

ચિતા એ, અગ્નિની જ્વાળા, અને એ ભસ્મમય કાયા,
અમે તમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યાં.
અમે અમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યાં.

## સમાગમ

વિનશ્વર વિશ્વે સનાતન કોણ આ,
મિત્ર સ્નેહી સ્વજન સઘળા પાંથશા
મળે ખેલ ઋણાનુબંધતણા કરે
હર્ષશોક ધરે, બને અભિશાપ કે
શ્રેષ્ઠ આશીર્વાદશા વિવિધ સ્થળે
જાય તે પાછા ન તે રૂપે મળે.



સમાગમ જીવોતણો શાશ્વત નથી
તોય બુદ્ધિ રહેતી મુજને કથી,
સમાગમમાં આપણાં જે આવતાં
સ્નેહનાં સુમનો સનાતન લાવતાં
મંદિરે મીઠી પરબ પર બેસતાં
વૃક્ષની શીળી સુખદ છાયામહીં
વાત કરતાં જે ઘડી કે બે ઘડી
એમની સંભાળ પૂરી રાખવી,
સમાગમનાં સ્વાદુ ફળને ચાખવાં,
સંમિલન તો સફળ સાર્થક આપણું
ઠરે, ને વિરહે રહે ન તાપવું.

## રહ્યો હું તે

મને બોલાવેલો પ્રથમ પ્રભુએ સ્વગૃહમહીં
બીમારી આવીને પણ ફળ વિના છેવટ ગઇ;
નવી પામ્યો કાયા, નવલ રચના જીવનતણી,
ઉઘાડ્યાં નેત્રો મેં નવલ લભતાં ચેતન અહીં;


તમે ત્યારે બોલ્યાં ચલ જગતની વસ્તુ સઘળી
રહે ના આવીને; મનુજ પણ ત્યાગી તન જતાં
અજાણ્યાં કો સ્થાને, સમય મુજ માટે ખલુ જવા
હતો, વૃદ્ધા હું તો; અનુગ્રહ તમે જીવિત રહ્યાં.

રહ્યો હું તે સારું સુખમય થયું જીવનમહીં
નહીં તો જોઇ ના શકત તમને કે નવ કરી
તમારી સેવાયે શકત, તમને શાંતિસુખથી
વળાવી ના છેલ્લે શકત, પ્રભુ પ્યારે પ્રથમ જો

મને આમંત્રીને નિજ ભવનમાં હોત વસવા
ધર્યું સ્થાન સ્નેહે, કવન પણ ક્યાંથી બનત તો ?

## સ્વર્ગ અને અસ્વર્ગ

તપસ્યા તપસી કરીને તીવ્રતમ
અમે એવું સાંભળેલું શાસ્ત્રમાં,
દિવસ મહિના વરસ કે કલ્પો પછી
સંનિધિ પામી શકેલા સ્વર્ગની.
અને રત ભોગોપભોગોમાં સદા
વિવેકથકી ભ્રષ્ટ નિત્યાનિત્યના
કે વિવેકી પંડિતો પણ એ થકી
વિરલ કોઇ એક પામ્યા મુક્તિને.




અમે ત્યારે એ નહીં સમજી શક્યા
કિન્તુ અનુભવથી જણાયું કે રહે
સ્વર્ગમોક્ષ સદાય માનવની મહીં,
એ જ સ્વર્ગ સ્વરૂપ મુક્તિ બની શકે.
તમોને પેખી પ્રતિતી થઇ ગઇ
સ્થૂળ સ્વર્ગ વસે તમારામાં અહીં,
સંનિધિમાં તમારા મુક્તિ રમે,
માનવી જો માત્ર બાળકશો બને.
સ્વર્ગ આવ્યું ને ગયું કવિએ કહ્યું
મહાકાવ્ય પ્રસિદ્ધ એમાંથી થયું;
કિન્તુ કોઇ સ્નેહમય શિશુએ કહ્યું,
કાવ્ય એનું મારા હૃદયને ગમ્યું;

તમારી સમુપસ્થિતિ શુચિ સ્વર્ગ ને
તમારી અનુપસ્થિતિ અસ્વર્ગ મા !
હવે મારે પૂછવાનું પ્રાજ્ઞને
કે પછી કવિને રહ્યું કોઇયે ક્યાં ?

## સલામી

કોઇ નૃપને તો કોઇ નેતાને
કોઇ લક્ષ્મીનંદનને જેતાને,
કોઇ શાસકને સત્તાધીશને
રૂપયૌવનને પાગલ પ્રીતને,
કોઇ લેખકને કોઇ હરિને,
કોઇ પદને પ્રતિષ્ઠાને નામી
કોઇ આપતા સંતને સલામી.



થયા પસાર એ બધા ત્યાંથી
અમે જોઇ રહ્યા ગૃહમાંથી,
જ્યારે આગ્રહ અત્યાગ્રહ કીધો
ત્યારે હસ્તને પખાળી લીધો.

અમે એને સલામી દીધી
જેણે જિંદગી બીજાની કીધી;
વેદનાઓ અવરની લીધી;
અમે સંસ્મૃતિ એની કીધી.

વિષપ્યાલીને પ્રેમથી પીધી,
તાપ વેઠીને છાંયડી દીધી;
અમે આરાધના એની કીધી.

પોતે સહ્વાનું કીધું પસંદ
વાડી અન્યની કરી હરિયાળી.
સૂની પડી અંતરની સિતારી
વારિ વિના કરમાઇ ક્યારી,
અન્યકેરી સિતારી સજાવી
જેણે સીંચી અવરની ક્યારી,
અમે એને કીધી સલામી.

# તૈયાર

ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર

ફાળવેલું મને જે, તે કાર્ય પૂર્ણ થયું
એમ લાગે તમોને કે સ્થાન રિક્ત રહ્યું,
ભલેને મુજને અહીંના પદાર્થો પર પ્યાર,
ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર.

તમોને અન્યત્ર દીસે જરૂર મહારી
અનિવાર્ય જણાય મારી પ્રીતની બારી
મધભરેલી વીર્યવંતી શાંતિદા વાણી,
આપણો તો સર્વસ્થળમાં રહેવાનો પ્યાર,
ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર.

તમારે માટે જ જીવન સમર્પ્યું મારું,
તમોને લાગ્યું ગણ્યું તેં મેંય નિત પ્યારું;
વગાડી સ્વર્ગીય મારી સુધાસભર સિતાર,
હવે એના ક્યાંક ચાહો બજવવાને તાર,
મને પણ આસક્તિ ના, ના લાગવાની વાર;
ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર.


તમે પણ થાક્યા ન હો ના પરિતૃપ્ત થયા,
માણવો આનંદ હો હજુએ વધારે વાર

તો ગમે તે સ્થળે તેમજ હો ગમે તે કાળ,
રહેવાને તમારે માટેય છું તૈયાર
ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર.

## સંવત્સરી

સંવત્સરી પૂર્ણ થઇ તમારી,
આ કાળચક્રે ન કશુંય સ્થાયી.
ફરી રહ્યું સર્વ અનંતકાળથી,
આવે નવું અન્ય થતાં વિદાય.

સંવત્સરી પૂર્ણ થઇ તમારી
પરંતુ લાગે સ્મૃતિ નિત્ય ન્યારી
સદા તમારી કરમાય ના કદી,
ભૂલી શકાયે તમને નહીં ઘડી.




સ્થાયી કશું ના જગમાં ભલે આ,
ચૈતન્યનો નાશ છતાં કદી ના.
પૂજી સમર્પી દિનરાત પુષ્પો
એને અમે સંસ્મરશું તમોને.

સંવત્સરી આમ અનેક આવશે
જ્યોતિર્મયીની મંદ ન દીપિકા થશે.
અર્પો અમોને અવિરામ આશિષ
છોડી શકીએ તમને નહીં કશે.

## સંદેશ

આ મૃત્યુ થાયે તનનું ભલે છતાં
દીસે મને માનવમાત્રકેરો
એમાં થનારો ઉપહાસ શાશ્વત.
કોઇક આવો તનમૃત્યુ મારો
સંદેશ છે અંતિમ એ જ ન્યારો.

## **About the Author**



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the unknown intricate path of spiritual attainments single handedly and put immense faith in the tenderheartedness of God in the form of Mother Goddess.

Shri Yogeshwarji dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and

thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him and thus became a living example of well known Sanskrit adage 'Matru Devo Bhava' (Mother is a form of God). Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Mataji Jyotirmayi left for heavenly abode in 1980 after receiving exemplary services at the hands of Yogeshwarji and Maa Sarveshwari at Bhavnagar.

Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandiwali in Mumbai. Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari, who is now looking after his manifold benevolent activities.

It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| આત્મકથા | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity |
| અનુવાદ | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| અનુભવો | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना |
| કાવ્યો | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| કાવ્યાનુવાદ | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| ગીતો | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| ચિંતન | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| લેખ | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| ભજનો | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| જીવનચરિત્ર | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |

| | |
|---|---|
| પ્રવચનો | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન |
| પ્રસંગો | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| પત્રો | હિમાલયનાં પત્રો |
| પ્રશ્નોત્તરી | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| નવલકથા | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ |
| સુવાક્યો | પરબડી ▪ સર્વમંગલ |
| વાર્તાઓ | રોશની |



☼ ☼ ☼ ☼ ☼

For more information
On the life & works of
Shri Yogeshwarji



Please visit

**www.swargarohan.org**